

સાગર ખારા સલિલ તૂફાની
મળ્યા કહાન ગુરુ ખરા સુકાની,
ભવસાગર તરવા જો ચાહો
નૈયા પાર કરી લો,
સૌ નૈયા પાર કરી લો.

ફેબ્રુઆરી
૧૯૮૩ * આત્મધર્મ * [ ૪૭૨ ] * અંક : ૮
વર્ષ : ૩૯

# * સિદ્ધ ભગવાનનું સુખ *

આ ઇન્દ્રિયોના વિષય સુખ ઇન્દ્ર–ધરણેન્દ્ર–ચક્રવર્તીને મધની જેમ લપેટે છે ને ખડગની ધાર સમાન છે તથા ઝેર મળેલા અન્ન જેવું છે. સિદ્ધોને ઇન્દ્રિય-શરીર-મન નથી કેવળ સ્વાભાવિક અવિનાશી ઉત્કૃષ્ટ નિરાબાધ નિરૂપમ સુખ છે. એની કોઈ ઉપમા નથી. સિદ્ધોના સુખની મહિમા શું કહીએ !

ભૂત-ભવિષ્ય તથા વર્તમાન ત્રણે કાળનાં ગૃહસ્થાશ્રમના તીર્થંકર ચક્રવર્તી આદિ સર્વ ઉત્કૃષ્ટ ભૂમિના મનુષ્યોના સુખ તથા ત્રણ કાળના ભોગભૂમિના સુખ તથા ઇન્દ્ર-અહમિન્દ્ર આદિ સમસ્ત દેવોના સુખ ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણે કાળના સર્વ સુખ ભેગા કરતાં તથા તેનો અનંત વડે ગુણાકાર કરતાં પણ સિદ્ધના એક સમયના સુખ જેટલા પણ તે નથી. શા માટે ?—કે એ સિદ્ધોનું સુખ નિરાકુળ, નિર્મળ, અવ્યાબાધ ( બાધારહિત ) અખંડ, અતીન્દ્રિય, અવિનાશી છે તથા દેવ-મનુષ્યોના સુખ ઉપાધિસહિત-બાધાસહિત વિકલ્પરૂપ વ્યાકુળતા સહિત વિનાશીક છે.

એક દૃષ્ટાંત બીજું છે કે—મનુષ્યોમાં એક રાજા સુખી, રાજાથી ચક્રવર્તી સુખી તથા ચક્રવર્તીઓથી વ્યંતરદેવ સુખી તથા વ્યંતરોથી જ્યોતિષીદેવ સુખી, એનાથી ભવનવાસી અધિક સુખી તથા ભવનવાસીથી કલ્પવાસી સુખી, કલ્પવાસીઓમાં નવગ્રૈવેયક સુખી, એનાથી નવ અનુત્તર સુખી તથા એનાથી પંચોત્તર સર્વાર્થસિદ્ધિ સુખી. સર્વાર્થ-સિદ્ધિના અહમિન્દ્રથી અનન્તાનન્તગણુ સુખ સિદ્ધપદમાં છે. સુખની હદ સિદ્ધપદના સુખમાં છે. અનંતદર્શન-અનંતજ્ઞાન-અનંતસુખ–અનંતવીર્ય તે બધા ગુણો આત્માના નિજ સ્વરૂપ સિદ્ધપદમાં છે. તથા સંસારી જીવોને દર્શન-જ્ઞાન-સુખ-વીર્ય કર્મોના ક્ષયોપશમથી બાહ્ય નિમિત્તે અલ્પરૂપમાં પ્રવર્તે છે. તે રૂપાદિ વિષયસુખમાં વ્યાધિરૂપ, વિકલ્પરૂપ મોહના કારણે એમાં સુખ નથી. જેવી રીતે ગૂમડું લોહીથી ભરેલું ફૂલે એમાં ક્યાંથી સુખ ઉપજે ? એવી રીતે વિકલ્પરૂપી ગૂમડું મહા વ્યાકુળતારૂપ લોહીથી ભરેલું હોવાથી એમાં સુખ ક્યાં છે ? સિદ્ધ ભગવાન ગતાગતરહિત સમસ્ત લોકના શિખર પર બિરાજે છે. એ સુખ સમાન બીજું કોઈ સુખ નથી. જેમના દર્શન-જ્ઞાન લોકાલોકને દેખે, જાણે તેમના સમાન સૂર્ય ક્યો ? સૂર્ય તે ઉદય-અસ્ત થાય, એક સમાન પ્રકાશવાવાળો નથી. સિદ્ધ ભગવાન તો હથેળીમાં ત્રણ લોક તથા ત્રણ કાળને દેખે તથા જાણે છે. છદ્મસ્થ મનુષ્યનું જ્ઞાન સિદ્ધ સમાન નથી. અવધિજ્ઞાની-મનઃપર્યયજ્ઞાની મુનિ અવિભાગી પરમાણુ સુધી જોઈ શકે છે તથા જીવોના અસંખ્યાત ભવો વિષે જાણે છે. અરૂપી પદાર્થને નથી જાણી શકતા તથા અનંતકાળનું નથી જાણતા, કેવળી જ તે જાણી શકે છે. કેવળજ્ઞાન-કેવળ-દર્શન સહિન એમના સમાન બીજું કોઈ નથી. સિદ્ધોને જ્ઞાન અનંત, દર્શન અનંત તથા સંસારીને અલ્પજ્ઞાન–અલ્પ દર્શન, સિદ્ધોને અનંત સુખ અનંત વીર્ય તથા સંસારીને અલ્પ સુખ અલ્પ વીર્ય. આ નિશ્ચય જાણો કે સિદ્ધોના સુખની મહિમા કેવળજ્ઞાની જ જાણી શકે છે. ચાર જ્ઞાનના ધારક પણ તે સુખને પૂરું નથી જાણતા.

—o—

[ શ્રી પદ્મપુરાણ ]

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૯
અંક ૮
[ ૪૭૨ ]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૦૯
A.D. 1983
Feb.


## * શ્રીગુરુ ગુણ વંદન *

આધાધાર સવે ભવિક જનને,
શુદ્ધોપદેશી સદા,
શાંતિદાયક એ શ્રીકહાન ગુરુને,
શ્રીમંત ત્રાતા મુદા. ૧.

વંદું હું વિનયે સદા પરમથી,
ધ્યાતો નિજાનંદને:
જાગ્યો છું સુણિ વાણી તારી વિમલી,
સાચા ખરા ઉદ્યમે. ૨.

વાણી જો ન લહી તુમારી ભવમાં,
દુઃખે ભરી મેં સહ્યો;
પામ્યો આજ મનુજનો સફલતો,
કીજે પ્રભુએ કહ્યો. ૩.

વાણી આજ લહી પ્રભુની અચલી,
સિદ્ધિ લહીશું ખરી,
સાધીશું કરિ મોહ દૂર સુમતે,
સંતોષ હૈડે ઠરી. ૪.

-o-

## પરમ પૂજ્ય ગુરુદેવની પવિત્ર તીર્થભૂમિ સુવર્ણપુરીમાં
## પ્રશમમૂર્તિ સ્વાનુભૂતિવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પાસેથી મુમુક્ષુઓને પ્રાપ્ત થતી ગુરુભક્તિભીની અમૃતપ્રસાદીમાંથી થોડી વાનગી

[ સંકલિતરૂપે ]

પૂજ્ય ગુરુદેવે બધાંને દ્રવ્યની જે સ્વતંત્રતા બતાવી છે તે તો કોઈ અલૌકિક છે. ગુરુદેવે દરેક દ્રવ્યની સ્વતંત્રતા દૃષ્ટાંતો આપી આપીને સમજાવી છે. દ્રવ્ય-ગુણ-પર્યાય બધું સ્વતંત્ર છે. સૌ દ્રવ્ય સ્વતંત્ર છે—ચૈતન્યનું ચૈતન્યમાં ને જડનું જડમાં. જડ સ્વતંત્ર છે, ચૈતન્ય સ્વતંત્ર છે; વિભાવરૂપ પર્યાય પણ આત્માનો સ્વભાવ નથી. મુક્તિનો માર્ગ અંતરમાં છે, બહાર નથી; તેનો અંશ પણ અંદરમાં છે ને પૂર્ણતા પણ અંદરમાં છે. આવો માર્ગ બતાવનારા આ પંચમ કાળમાં—વિષમ કાળમાં—એક ગુરુદેવ જ હતા. એક ગુરુદેવનો આવા કાળમાં જન્મ થયો તો કેટલાયને રુચિ ઉત્પન્ન થઈ. બધા ક્રિયામાં ને શુભ ભાવમાં ધર્મ માનતા હતા; માર્ગ કોઈ જાણતું નહોતું, અભ્યંતરનો માર્ગ ગુરુદેવે બતાવ્યો.

*

પુદ્ગલનાં દ્રવ્ય-ગુણ-પર્યાય પુદ્ગલમાં ને તારાં દ્રવ્ય-ગુણ-પર્યાય તારામાં;—તું તેને કરી શકતો નથી ને તે તને કંઈ કરી શકતું નથી. પરદ્રવ્યનાં ને પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં છે, બધું જુદું છે. પોતાનું અસ્તિત્વ પોતામાં છે ને બીજાનું અસ્તિત્વ બીજામાં છે. પોતાના ચૈતન્ય-અસ્તિત્વને ગ્રહણ કરવું, તેમાં જ વાસ કરવાનો પ્રયત્ન કરવો; તે જ કરવા જેવું છે. આ પર તરફના વાસમાં તને જે સુખ લાગે છે તે સુખબુદ્ધિ તોડીને ચૈતન્યમાં વાસ કરવો, અંદર તળિયે જઈને સુખનિધાન એવા પોતાના આત્માને ઓળખવો.

રાત ને દિવસ તેની ધગશ લાગે, તેની લગની લાગે, તો ભેદજ્ઞાનની ધારા અંદર ચાલે—હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો ને જુદો

હું જ્ઞાયક છું. ગોખવા પૂરતું નહિ પણ સ્વભાવને ઓળખીને અંદર ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે ને તેમાં લીનતા કરે, તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. તે માર્ગ બધો પૂજ્ય ગુરુદેવે ખુલ્લો કર્યો છે.

*

વિકલ્પ તોડીને અંદર સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય તે પ્રયત્ન કર્તવ્ય છે. અંતરમાં ભેદજ્ઞાન થાય તો જ મુક્તિની શરૂઆત થાય. જે મોક્ષે ગયા છે તે ભેદજ્ઞાનથી જ ગયા છે. ભેદજ્ઞાનના અભાવે જીવ રખડયો છે. તું તારા ચૈતન્યમાં પુરુષાર્થ કર તો અંદર ભેદજ્ઞાનની ધારા ચાલે. તેમાં જ્ઞાયકની—જ્ઞાતાપણાની—સ્વાનુભૂતિ થાય, તેમાં આગળ વધતાં વધતાં પછી તેની અમુક ભૂમિકાએ મુનિદશા આવે, ત્યાં ક્ષણે ક્ષણે અંતર સ્વાનુભૂતિમાં જાય, બહાર આવે ત્યાં શુભ વિકલ્પો—પંચપરમેષ્ઠીભગવંતના, શાસ્ત્ર લખવાના—આવે, વળી પાછા અંદરમાં જાય;—એમ અંતરમાં અંતર્મુહૂર્તે ને અંતર્મુહૂર્તે નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો અનુભવ કરે, તેમ કરતાં કરતાં કેવળજ્ઞાન પામે, પછી સાદિઅનંત એમ ને એમ રહે. 'સાદિઅનંત અનંત સમાધિ સુખમાં....'

*

ઊંચામાં ઊંચા શુભ ભાવ આવે ખરા; પણ તે તારી જાતના નથી, વિભાવની જાતના છે; તું તેને તારાથી જુદા જાણ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, ચારિત્રસ્વરૂપ છે—એવા વિકલ્પના ભેદ પડે તે શુભ ભાવ છે, પણ તે વચ્ચે આવ્યા વિના રહેતા નથી. તું તારી શ્રદ્ધા જુદી કર—'હું તો એક, અનંત સ્વભાવથી ભરેલું, ચૈતન્યતત્ત્વ છું' એમ એક અભેદ તત્ત્વ ઉપર દૃષ્ટિ કર; પછી તે તત્ત્વમાંથી જે પ્રગટશે તે અનંતું પ્રગટશે, કે જેમાં અનંત શક્તિ—જ્ઞાન, દર્શન, આનંદ આદિની અનંતતા—ભરેલી છે; અનંત કાળ જ્ઞાનરૂપે, આનંદરૂપે પર્યાય પરિણમે તોપણ કોઈ દિવસ ખૂટે જ નહિ—એવી અંદર આત્મામાં અનહદ શક્તિ ભરેલી છે.

*

આત્મા એવી અનંતતાથી ભરેલો છે કે અનંત કાળ પરિણમે

તોપણ પરિપૂર્ણ અનંત રહે. તેને મૂળ સ્વભાવમાંથી ઓળખ. આ બધો માર્ગ ગુરુદેવે ખોલી ખોલીને બતાવ્યો છે. આ કાળમાં માર્ગ સમજવો બહુ મુશ્કેલ છે; કોઈ ક્યાંય અટકી જાય ને કોઈ ક્યાંય અટકી જાય.

આચાર્યભગવાન કહે છે: અમે તને ઊંચે ચડાવવા માગીએ છીએ, નીચે પાડવા નથી માગતા; શુભમાંથી અશુભમાં પાડવા માગતા નથી પણ શુભાશુભથી પર એવા શુદ્ધમાં લઈ જવા માગીએ છીએ.

*

ગુરુદેવે તો માર્ગ બતાવ્યો છે. આત્માનું હિત કરવા માટે તે માર્ગે ચાલવાનું છે. જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ એક જ્ઞાયક—આત્મા છે, તેને ઓળખવો. આ બીજું બધું જગતમાં કોઈ સર્વોત્કૃષ્ટ નથી, પોતાનો આત્મા જ એક સર્વોત્કૃષ્ટ છે. તેને માટે થઈને દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા તેમ જ બસ એક જ્ઞાયક ...જ્ઞાયક....આત્માનું રટણ અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી, તેની ઉગ્રતા કરવી—જ્ઞાતાપણાની ઉગ્રતા કરવી.

## પ્રભો ! આ વાત આપની જ છે.

શ્રી નિયમસાર શાસ્ત્રની ટીકામાં કહેલાં ભાવોનું-વસ્તુસ્વરૂપનું નિરૂપણ અમે નવું નથી કર્યું, પણ ગણધર આદિ શ્રુતધરોની પરંપરાથી ચાલ્યું આવે છે. એવા આ પરમાગમમાં એમ કહ્યું છે કે કારણપરમાત્મા તે જ ખરેખર આત્મા છે અને કારણપરમાત્મા જ ખરેખર મોક્ષમાર્ગનો હેતુ છે. અહીં ત્રિકાળી પરમપારિણામિકભાવને ધ્યેય બતાવવું છે, તેથી પ્રગટ થતી મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય તેમ જ પરસ્વભાવ કહીને આશ્રય કરવા યોગ્ય નથી—એમ કહ્યું છે. જેમ પરદ્રવ્યના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી, તેમ નિર્મળ પર્યાયના આશ્રયથી પણ નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તેથી તેને પરસ્વભાવ તથા પરદ્રવ્ય કહ્યું છે. અહીં ભગવાનની ગાદીએ બેસીને અંદરથી વાત આવે છે તે પરમાત્માની કહેલી આવે છે. આજે અહીં બેસતાની સાથે જ વિચાર આવ્યો હતો કે પ્રભો! આ વાત આપની જ છે. —પૂજ્ય ગુરુદેવ.

# 卐 વિષાપહાર-સ્તોત્ર 卐

[ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

स्वात्मस्थितः सर्वगतः समस्त व्यापारवेदी विनिवृत्तसंगः ।
प्रवृद्धकालोप्यजरो वरेण्यः पायादपायात्पुरुषः पुराणः ॥१॥

અપને મેં હી સ્થિર રહતા હૈ, ઔર સર્વગત કહલાતા ।
સર્વ-સંગ-ત્યાગી હોકર ભી, સબ વ્યાપારોં કા જ્ઞાતા ॥
કાલ-માન સે વૃદ્ધ બહુત હૈ. ફિર ભી અજર અમર સ્વયમેવ ।
વિપદાઓં સે સદા બચાવે, વહ પુરાણ પુરુષોત્તમ દેવ ॥ ૧ ॥

આ એક વિષાપહાર સ્તોત્ર છે. ભગવાન પરમાત્માની પ્રશંસા અને બહુમાન કરવાનું જે સ્વરૂપ છે તેને અહીં સ્તુતિ કહેવામાં આવે છે. પણ આમાં ખરેખર તો આત્મ-ભગવાનની સ્તુતિ છે. ભગવાન પરમાત્મા અમૃત-સ્વરૂપ છે, તેની પર્યાયમાં અનાદિથી રાગ-દ્વેષ અને તેની એકતાનું જે ઝેર છે, તેને નાશ કરવા ચૈતન્યસ્વરૂપ અમૃતમાં દૃષ્ટિ અને સ્થિરતા કરવી તે ઝેરને નાશ કરવાનો ઉપાય છે.

ધનંજય મહા કવિ થઈ ગયા છે. તેઓ લગભગ આઠમા સૈકામાં એટલે લગભગ બારસો વરસ પહેલાં થયા હતાં. માળવામાં ઉજૈન નગરીમાં તેઓ એક શેઠ હતા. ગૃહસ્થ હતાં. માનતુંગ આચાર્યના તેઓ ભક્ત હતાં. માનતુંગ આચાર્ય ભક્તિ કરતાં હતા, તેથી તેમાંથી તેઓ પણ મહા કવિ અને ભગવાનના પરમ ભક્ત થયા. એક વખત તેમના પુત્રને સર્પદંશ થયો અને તેમાંથી તે બેભાન થઈ ગયો. બૈરાને ખબર પડી એટલે શેઠ મંદિરમાં ભક્તિ કરતાં હતા ત્યાં માણસને બોલાવવા મોકલ્યો. પણ ધનંજય તો ભગવાનની ભક્તિમાં એટલા લીન હતાં કે તેમના દીકરાને સર્પદંશ થયો છે તે વાત તેમણે સાંભળી પણ નહિ. તેથી છોકરાની મા પોતાના પુત્રને, ધનંજય ભગવાનની ભક્તિ કરતાં હતા ત્યાં નાંખી ગઈ પણ પોતાના છોકરાને અહીં નાખી ગયા છે તેની પણ તેને ખબર રહી નહિ. પછી પોતે આ શ્લોકની રચના કરી છે. ભગવાનની ભક્તિની ધૂનમાં ને ધૂનમાં ચાલીસ શ્લોકની રચના થઈ ગઈ અને જ્યાં ચૌદમાં શ્લોકની રચના થઈ ત્યાં છોકરાનું ઝેર ઉતરી ગયું. આ સ્તુતિને લઈને ઝેર ઉતર્યું નથી, પણ એવો જ કોઈ કુદરતી મેળ હતો અને ઝેર ઉતરી ગયું. તેથી આ સ્તુતિનું નામ વિષાપહાર આપવામાં આવ્યું છે.

આ ખરેખર ઋષભનાથ ભગવાનની સ્તુતિ છે. આદ્ય-બ્રહ્માની સ્તુતિ છે, પણ

ખરેખર અંતરમાં પોતે આદ્ય-બ્રહ્મા એવો આત્મા પોતાના સાધકપણાની શરૂઆત કરે છે. એ જ ખરી સ્તુતિ છે.

હે પુરાણ પુરુષ! અર્થાત્ આદિનાથ ભગવાન! ખરેખર પોતાના ચૈતન્યપુરમાં શયન કરે તેને પુરુષ કહેવામાં આવે છે. વિકાર અને પુણ્ય-પાપમાં શયન કરીને સૂતા છે તેને નપુંસક કહેવામાં આવે છે. ભગવાન આત્મા અનંત જ્ઞાન આદિ ચૈતન્યપુર, તેમાં એકાકાર થઈને શયન કરે તેને પુરાણ પુરુષ કહેવામાં આવે છે. આત્માને પુરાણ પુરુષ કહેવામાં આવે છે અને ભગવાનને પણ પુરાણ પુરુષ કહેવામાં આવે છે.

હે નાથ! આપ આત્મ-સ્વરૂપમાં સ્થિત હોવા છતાં સર્વ-વ્યાપક છો. આમ કહીને અહીં વિરોધાભાસ અલંકારથી ભગવાનની સ્તુત કરી છે. આપ બધાના જાણનારા હોવા છતાં, આપને કોઈ પદાર્થની પકડ નથી. આપ જાણો છો બધાને પણ પકડ કોઈની નથી. વળી હે નાથ! આપ દીર્ઘાયુ હોવા છતાં બુઢાપાથી રહિત છો. આપનું આયુષ્ય ઘણું લાંબુ હોવા છતાં આપને બુઢાપો કે શરીરમાં જીર્ણતા આવતી નથી.

તીર્થંકરને બુઢાપો ન હોય તેમ અનાદિથી હોવા છતાં ભગવાન આત્માને એક પણ ગુણમાં જીર્ણતા આવી નથી. નિત્યાનંદ પ્રભુ અનાદિથી હોવા છતાં દ્રવ્યસ્વભાવમાં કંઈ ઓછપ કે ઊણપ આવી નથી. શરીરમાં ચામડી જીર્ણ થઈ જાય તેમ ભગવાન આત્મામાં કંઈ જીર્ણતા આવતી નથી. ભગવાન આત્મા અનાદિથી એવો ને એવો રહ્યો છે. અહીં ધનંજય કવિ એવા ભગવાન આત્માની સ્તુતિ કરવા ઊભા થયા છે, અને વ્યવહારે ઋષભનાથ ભગવાનની સ્તુતિ કરે છે. ભગવાન આત્મા જ પરમ પદને પ્રાપ્ત કરે છે માટે ઋષભ છે. ભાઈ! તારી શું વાત કરવી? પૂર્ણાનંદ પ્રભુ એક સમયમાં એનું આખુ રૂપ ધ્રુવ છે. તેમાં વિકારની પકડ કે પ્રવેશ નથી.

ભગવાનને પ્રાર્થના કરે છે કે હે ભગવાન! આપ શ્રેષ્ઠ પુરુષ છો માટે અમારી રક્ષા કરજો. અર્થાત્ હે આત્મા! વિકારનો નાશ કર અને વિકારથી અમને બચાવ.

આ વિરોધાભાસ અલંકાર છે તેથી સાંભળતા વિરોધ ભાસે છે પણ અર્થનો વિચાર કરતાં વિરોધ ભાસતા નથી. પુરાણ-પુરુષ સર્વને જાણનાર હોવા છતાં, તે સ્વરૂપમાં સ્થિત છે. જ્ઞાનની અપેક્ષાએ સર્વ સ્થિત હોવા છતાં, અર્થાત્ ત્રણકાળના સર્વ પદાર્થોને તેના ગુણ-પર્યાય સહિત જાણે છે છતાં, તેમને પર પદાર્થનું ગ્રહણ નથી, સ્વરૂપમાં જ સ્થિત છે.

પર્યાયમાં વિકાર છે અને બહારમાં પ્રતિકૂળતા છે. બન્નેનું લક્ષ છોડીને આત્માની રક્ષા કરવાની ભગવાનને પ્રાર્થના કરી છે. છોકરો જેમ બેહોશ હતો અને ભગવાનની ભક્તિ કરતાં સચેત થઈ જાય છે, તેમ ભગવાન આત્મા એની પર્યાયમાં અનાદિથી બેહોશ થયેલો છે તેમાં ચૈતન્યનો ઉલ્લાસ આવતાં એની બેહોશીનો નાશ થઈ જાય છે.

ભગવાનની સ્તુતિ કરતાં કરતાં ભગવાન પાસે કંઈ વરદાન માગતા નથી. વગર માગ્યે, બાળકનું ઝેર ઉતરી ગયું. તેમ આત્માના અંદરના જ્ઞાન ને ધ્યાનથી વગર માગ્યે, મિથ્યા ભ્રાંતિ અને રાગ-દ્વેષનો નાશ સહેજે સ્વભાવની ધૂનમાં થઈ જાય એવો ભગવાન અંદરમાં બિરાજે છે અને વ્યવહારમાં ભગવાનની ભક્તિથી રાગ-દ્વેષનો નાશ થયો એવો વ્યવહાર પણ છે.

હવે બીજો શ્લોક કહે છેઃ—

परैरचिन्त्यं युगभारमेकः स्तोतुं वहन्योगिभिरप्यशक्यः ।
स्तुत्योऽद्य मेऽसौ वृषभो न भानोः किमप्रवेशे विशति प्रदीपः ।।२।।

જિસને પર-કલ્પનાતીત, યુગ-ભાર અકેલે હી ઝેલા ।
જિસકે સુગુન-ગાન મુનિજન ભી, કર નહિ સકે એક વેલા ॥
ઉસી વૃષભ કી વિશદ વિરદ યહ, અલ્પબુદ્ધિ જન રચતા હૈ ।
જહાં ન જાતા ભાનુ, વહાં ભી દીપ ઉજેલા કરતા હૈ ॥૨॥

ભગવાન કેવા છે? કે બીજાઓ દ્વારા ચિંતવનમાં આવી શકે તેમ નથી. તેમ ભગવાન આત્મા પણ વિકલ્પ દ્વારા ચિંતવનમાં આવી શકે તેવો નથી તથા વચનાતીત છે, વિકલ્પાતીત, મનાતીત છે, એકલો આનંદ-કંદથી જણાય તેવો છે.

જ્યારે કર્મભૂમિ થઈ ત્યારે આપે એકલા એ જ આ ભરતક્ષેત્રના ભારનો નિર્વાહ કર્યો હતો તેમ આત્મામાં એકાગ્ર થતાં બધા ભાવોની શુદ્ધિનો ભાર આત્મા એકલો વહન કરે છે. વિકલ્પનો ભાર નથી કે તે આત્માની શાંતિનું વહન કરી શકે.

જગતના પુણ્યને લઈને કુદરતમાં કલ્પવૃક્ષ સમાન ભગવાન થયા. ખરેખર તો પોતે કલ્પવૃક્ષ સમાન પોતાના સ્વરૂપમાં હતાં. કલ્પવૃક્ષ સમાન ભગવાન આત્માની સ્તુતિ કરતાં, બહારના પુણ્ય કદાચ ખૂટે પણ એને કોઈની જરૂર ન પડે એવો પૂર્ણાનંદથી પોતે ભરેલો છે તેથી આ આત્મા જ ખરેખર કલ્પવૃક્ષ છે. વ્યવહારથી આદિનાથ ભગવાનને અહીં કલ્પવૃક્ષ સમાન કહ્યા છે.

મોટા-મોટા મુનિઓ પણ હે ભગવાન! આપની સ્તુતિ કરવા સમર્થ નથી. સર્વાર્થ-સિદ્ધિના દેવો ૩૩-૩૩ સાગર સુધી તત્વચર્ચા કરે છે પણ પાર પડતું નથી. અંતરમાં ઉતર્યે જ પાર પડે છે. મોટા મુનિઓથી પણ જેની-સ્તુતિ થઈ શકતી નથી. પણ આજ હું આપની સ્તુતિ કરવા તૈયાર થયો છું. જેમ જ્યાં સૂર્ય ન હોય ત્યાં દીપકથી પ્રકાશ થાય છે, તેમ હે ભગવાન! તમે અંતરમાં તો પૂર્ણપણે પડ્યા છો તે પૂર્ણરૂપે તો પ્રગટ અત્યારે થાય નહિ. પણ વર્તમાન અલ્પજ્ઞાન દ્વારા અમે ચૈતન્યની સંભાળ લઈએ છીએ.

જે ગુફામાં સૂર્યનો પ્રવેશ થઈ શકે નહિ તે ગુફામાં દીપક લઈને તેમાં પ્રકાશ થઈ શકે છે. તેમ મોટા–મોટાઓ પણ આપની સ્તુતિ કરી ન શકે એવા આપ મહાન છો, તોપણ દીપક સમાન અલ્પ–શક્તિવાળો હું આપની સ્તુતિ કરૂં છું. મારામાં જેટલું સામર્થ્ય છે તેટલા સામર્થ્યથી હું આપની સ્તુતિ કરીશ. અર્થાત હું અત્યારે ભલે પૂર્ણતા પ્રગટ ન કરી શકું પણ મારો જેટલો પુરુષાર્થ છે તેટલા પુરુષાર્થથી હું મારા સ્વરૂપની શુદ્ધિ પ્રગટ કરીશ.

तत्याज शक्रः शकनाभिमानं नाहं त्यजामि स्तवनानुबंधम् ।
स्वल्पेन बोधेन ततोऽधिकार्थं वातायनेनेव निरूपयामि ।। ३ ।।

શક્ર સરીખે શક્તિવાન ને તજા ગર્વ ગુણ ગાનેકા ।
કિંતુ મૈં ન સાહસ છોડૂંગા, વિરદાવલી બનાનેકા ।।
અપને અલ્પજ્ઞાનસે હી મૈં, બહુત વિષય પ્રકટાઉંગા ।
ઇસ છોટે વાતાયનસે હી, સારા નગર દિખાઉંગા ।। ૩ ।।

હે નાથ! ઇન્દ્રે સ્તુતિ કરવાનું અભિમાન છોડી દીધું છે. પરંતુ હું સ્તુતિના ઉદ્વેગને નહિ છોડું. અંતરાત્મા પણ સ્તુતિ કરતાં કરતાં અંદરમાં ઠરી ગયા અને ત્યારે તે પૂર્ણ પદને પામ્યાં. હું પણ આત્માના સ્વરૂપમાં સ્થિરતા કરતાં કરતાં પૂર્ણ થઈશ, પાછો નહિ હઠું.

જુઓ, આ ગૃહસ્થાશ્રમમાં પણ કેવો પુરુષાર્થ ઊછાળ્યો છે. મહા ભક્ત ધનંજય કવિ એનું નામ છે. ધન્ય એનો આત્મા એનો જય થયો છે, તેથી ધનંજય એ તેમનું સાર્થક નામ હતું.

જેમ ઝરોખો નાનો હોય પણ તેમાંથી ઘણું જોઈ શકાય છે. એક નાના કાણામાંથી મોટા મોટા અનેક ગજરાજને જોઈ શકાય છે તેમ હે ભગવન્! ભલે મારું જ્ઞાન અલ્પ છે પણ અલ્પ જ્ઞાન દ્વારા હું સર્વજ્ઞ એવા આપની સ્તુતિ કરીશ. અર્થાત્ મારું જ્ઞાન ભલે મતિ–શ્રુતરૂપ અલ્પ છે પરંતુ એના દ્વારા હું મારા પૂર્ણ સર્વજ્ઞસ્વભાવને જોઈશ. નાના કાણામાં હાથી દેખાય તેમ અલ્પજ્ઞાનમાં આખો અનંત શક્તિમાન આત્મા દેખાય છે.

સમયસારની ૩૧ મી ગાથામાં કહે છે કે ભગવાનની તીર્થંકરની નિશ્ચય સ્તુતિ કોને કહે છે. તો કહ્યું કે તીર્થંકર એટલે પોતાની આત્મા એકલો આનંદ–કંદ તેમાં એકાકાર થઈને આત્માનું સમ્યક્–દર્શન અને જ્ઞાન પ્રગટ કરવું તે આત્માની સ્તુતિ છે. વ્યવહારે ભગવાનની સ્તુતિ છે એ વ્યવહાર પણ છે. પ્રશ્ન એમ પૂછ્યો છે કે તીર્થંકરની સ્તુતિ કોને કહે છે અને ઉત્તર આપ્યો કે આ ભગવાન પૂર્ણાનંદ છે એવો અનુભવ

થયો તે કેવળીની સ્તુતિ છે. ભગવાનની સ્તુતિનો પ્રશ્ન કર્યો અને આત્માની સ્તુતિની વાત કરી ત્યાં જવાબ આપવામાં કુંદકુંદ આચાર્યની ભૂલ થઈ નથી, પણ યથાર્થ જવાબ આપ્યો છે.

નાનકડી આંખ ડુંગર ઉપરથી પચીસ-પચાસ ગાઉ સુધી જોઈ શકે છે. તેમ અલ્પ ઉઘાડથી સર્વજ્ઞતાનો નિર્ણય કરી શકાય છે. અલ્પજ્ઞાન દ્વારા પોતાના સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય કરવો તે ભગવાનની સાચી સ્તુતિ છે.

**त्वं विश्वदृश्वा सकलैरदृश्यो विद्वानशेषं निखलैरवेद्यः ।**
**वक्तुं कियान्कीदृश इत्यशक्यः स्तुतिस्ततोऽशक्तिकथा तवास्तु ॥ ४ ॥**

તુમ સબ-દર્શી દેવ, કિંતુ, તુમકો ન દેખ સકતા કોઈ,
તુમ સબકે હી જ્ઞાતા, પર તુમકો ન જાન પાતા કોઈ;
'કિતને હો' 'કૈસે હો' યોં કુછ કહા ન જાતા હે ભગવન્,
ઇસસે નિજ અશક્તિ બતલાના, યહી તુમ્હારા સ્તવન મહાન. ૪.

હે ભગવાન! સમસ્ત વસ્તુના આપ દૃષ્ટા છો. પરંતુ સર્વ દ્વારા આપ જણાતા નથી. આમ અહીં વિરોધાભાસ અલંકાર કર્યો છે. આપ સર્વને જાણો પણ આપને કોઈ જાણી શકતું નથી. આત્મા વિકલ્પાદિથી જણાતો નથી. પરંતુ વિકલ્પાતીત થઈને આત્મા પોતાના અનંતગુણોને જાણી લે છે.

હે ભગવાન! હું આપની સ્તુતિ કરવા સમર્થ નથી. તે જ મારી સ્તુતિ છે. આપ કેવા? આપની કેટલી શક્તિ? બધાને આપનું જ્ઞાન પાર પામી જાય એવા આપને જાણવાને હું સમર્થ નથી. આપનો અપરીમિત સ્વભાવ છે આપની સ્તુતિ એટલે મારી અશક્તિની ચર્ચા છે.

પહેલાં કવિએ કહ્યું હતું કે ઈન્દ્ર સ્તુતિ કરવા સમર્થ નથી. પણ હું તો આપની સ્તુતિ કરીશ. અને હવે કહે છે કે હે ભગવાન! આપની સ્તુતિ કરવાનું મારું સામર્થ્ય નથી. પણ પોતાની અસમર્થતા બતાવવામાં જ આપની સ્તુતિ રહેલી છે. પર્યાયમાં હું નિર્બળ છું એવા સ્વીકારમાં જ અંતરમાં હું અનંત-શક્તિવાળો છું, એ સ્વીકાર આવી જાય છે.

દ્રવ્યમાં પરિપૂર્ણ તાકાત છે પરંતુ પર્યાયમાં એટલી તાકાત નથી. વિકલ્પ દ્વારા દ્રવ્યનું માહાત્મ્ય કરવા જાય છે પરંતુ વિકલ્પથી માહાત્મ્ય પુરૂ પડતું નથી. તેથી વિકલ્પ દ્વારા આત્માની ખરેખર સ્તુતિ થઈ શકતી નથી.

હંમેશા ભગવાનના એકલા દર્શન કરે પરંતુ એકલા આત્માના દર્શન હંમેશા

કર્યા ? ભગવાનના દર્શન તો શુભભાવ છે પણ અંતરદર્શન વિના પરના દર્શન પણ યથાર્થ નથી. ભગવાનના હંમેશા દર્શન કરવા તેને દર્શન-પડીમા અજ્ઞાની માને છે. પણ અંતરના ભગવાનના દર્શન હંમેશા કરવા તે ખરેખર દર્શન-પડીમા છે. ચિંદાનંદ પ્રભુ એનો વિશ્વાસ અને તે પણ હરખથી જેને બેઠો એણે ભગવાનના દર્શન હંમેશા કર્યા છે. વ્યવહાર-વ્યવહાર કરીને પરમાર્થ તત્ત્વ આખું રહી ગયું. તત્ત્વ પાતાળમાં રહી ગયું અને બહારના ઉપરના માહાત્મ્યમાં બધું સમાઈ ગયું. પણ નિશ્ચય વગરનો એકલો વ્યવહાર તે વ્યવહાર પણ યથાર્થ નથી.

व्यापीडितं बालमिवात्मदोषैरुल्लाघतां लोकमवापिपस्त्वम् ।
हिताहितान्वेषणमान्द्यभाजः सर्वस्यजन्तोरसि बालवैद्यः ।।५।।

બાલક સમ અપને દોષોંસે, જો જનપીડિત રહતે હૈં,
ઉન સબકો હે નાથ, આપ, ભવતાપ રહિત નિત કરતે હૈં;
યોં અપને હિત ઔર અહિતકા, જો ન ધ્યાન ધરનેવાલે,
ઉન સબકો તુમ બાલ-વૈદ્ય હો, સ્વાસ્થ્ય-દાન કરનેવાલે. ૫.

પોતાના પુત્રને સર્પનું ઝેર ઉતરીને બેઠો થવાની તૈયારી છે અને અહીં કવિએ ભક્તિ ઉપાડી છે કે—હે ભગવાન આપ બાળવૈદ્ય સમાન આપ અમારા વૈદ્ય છો. મિથ્યાદષ્ટિના મિથ્યાત્વને ટાળનારા અને અવ્રતિના અવ્રતને ટાળનારા આપ બધાના વૈદ્ય છો. હે આત્મા! રાગ-દ્વેષની ચિકિત્સા કરીને તેને તું ટાળનાર છો. અસ્થિરતા પણ એટલો રોગ છે તેને આપ ટાળનારા છો.

મોક્ષ અને મોક્ષનું કારણ, સંસાર અને સંસારનું કારણ તેના વિચારથી જે શૂન્ય છે તે મુર્ખ અજ્ઞાની છે. એવા બધા પ્રાણીના આપ બાળ-વૈદ્ય છો. જેમ વૈદ્ય બાળકના વાત-પિત્ત અને કફ દોષો બતાવીને તેને નિરોગ કરે છે તેમ આપ બાળ અર્થાત્ અજ્ઞાની જીવોના સંસાર રાગને ટાળનારા છો. પુણ્ય-પાપમાં અટકવું તે અસ્વસ્થતા છે. ભગવાન અસ્વસ્થતાને ટાળનારા છે. આપના ભાન દ્વારા મૂર્છાઈ ટળે છે. તેથી બાલ-વૈદ્ય આ આપનું સાર્થક નામ છે. (ક્રમશઃ)

# * શ્રાવકોનું નિત્ય કર્તવ્ય કેવું હોય ? *

[શ્રી પદ્મનંદી-શ્રાવકાચાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આત્મા અબંધ, અખંડ, આનંદકંદ છે. તે સંયોગ વિનાનો તેમ જ વિકલ્પ વિનાનો છે. ગુણ-ગુણીનો ભેદ પણ જે ચીજમાં નથી તેવી ચીજની અંતરમુખ દૃષ્ટિ કરીને રત્ન સમાન સમ્યગ્દર્શનને પ્રથમ પ્રગટ કરવું. પછી શ્રાવકપણા માટે પ્રયત્ન કરીને અંશે ચારિત્રપણું કે જે શ્રાવકને હોય છે તે અંગીકાર કરવું. અને તેવા શ્રાવકને ષટ્કર્મ દિન-દિન કેવા હોય તેનો આ અધિકાર ચાલે છે.

શ્રાવક હંમેશા દિન દિન પ્રત્યે દેવ પૂજા કરે. કહે છે કે ભગવાનની મહાપૂજા તો દેવો પણ કરે છે અને મુનિઓ પણ ભગવાનની સ્તુતિ-ભક્તિ કરે છે. શુભરાગ હોય ત્યારે પરમાત્માની ભક્તિ આવ્યા વિના રહે નહીં, પરન્તુ ધર્મી તેને પુણ્યબંધનું કારણ જાણે છે અને છતાં પણ તેવો ભાવ સમ્યગ્દૃષ્ટિ ધર્મીને આવ્યા વિના રહે નહીં. ઋષભનંદી સ્તોત્ર કે જે પદ્મનંદી આચાર્યે પોતે બનાવેલ છે તેમાં આવે છે કે ભગવાન! તારી ભક્તિની શું વાત કરીએ! અમને તો એમ લાગે છે કે ચંદ્રમાની અંદર જે દેવો છે તે જ્યારે વીણા દ્વારા આપની ભક્તિ-સ્તુતિ કરતા હતા ત્યારે તે સ્તુતિ અને સ્તવનનાં રસીલા હરણો સાંભળવા ચંદ્રમામાં ઉડીને ગયા છે. ચંદ્રમામાં હરણ જેવું ચિહ્ન દેખાય છે ને? એટલે આવી ઉપમા આપી છે. આહાહા! પોતે પદ્મનંદી આચાર્ય કે જે ભાવલિંગી સંત છે, આત્માનાં અમૃત ઘૂંટડા પીવે છે ને બાહ્યદ્રવ્યલિંગ-નગ્નદશા-જેને છે તે આમ કહે છે અને આમ કહીને ભક્તો જ્યાં હોય ત્યાં પરમાત્માની ભક્તિને જ ભાળે છે એમ કહ્યું છે. એવો ભાવ શ્રાવકને આવ્યા વિના રહેતો નથી, અને જો તેવો ભાવ ન આવે તો તેને સમ્યક્‌દર્શન ને જ્ઞાનનાં પણ ઠેકાણા નથી. છતાં સમ્યગ્દૃષ્ટિને આવો ભાવ આવે તેને પાપથી બચવા અને ધર્મમાં નિમિત્ત તરીકે ગણે છે. આહાહા! ઘણા કહે છે કે ભગવાનની ભક્તિ કરે તેને મિથ્યાત્વ લાગે છે. અરે ભગવાન! ભક્તિનો શુભરાગ તે મિથ્યાત્વ નથી. તે તો મુનિઓને પણ આવે છે. અરે! કુંદકુંદાચાર્યને પણ ભક્તિનો ભાવ આવેલ. અને તેથી તો નેમિનાથ ભગવાનની યાત્રાએ ગિરનાર ગયા હતા. આમ છતાં તે પોતે કુંદકુંદાચાર્ય કહે છે કે નિશ્ચય-ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે ને ટકે છે, તેમ જ તેને જ આશ્રયે સ્થિરતા વધે છે. આમ તે ભક્તિનો ભાવ શુભભાવ છે, પણ મિથ્યાત્વ નથી. તેમ તે સંવર-નિર્જરાનું કારણ પણ નથી. હા, જો તે એમ માને કે આમાં મને સંવર-નિર્જરા થાય છે તો તે દૃષ્ટિ મિથ્યાત્વ છે. બાકી તે શુભ ભાવ તો મુનિને પણ હોય છે ને શ્રાવકને તો મુખ્યપણે હોય છે.

ધર્મ એટલે પુણ્ય, શુભભાવ, વ્યવહારધર્મ. અર્થ એટલે લક્ષ્મી, કામ એટલે વિષય ને મોક્ષ એટલે અનાકુળ શાંતિ. તેમાં શ્રાવકને માટે પુણ્યરૂપી વ્યવહારધર્મ મુખ્ય કહ્યો છે. તેનો અર્થ એ છે કે દૃષ્ટિમાં તો મુખ્ય દ્રવ્ય-સ્વભાવ છે પણ આ તો વર્તનની અપેક્ષાની વાત ચાલે છે. આહાહા! શ્રાવકો કે મુનિઓની મુખ્ય દ્રવ્યદૃષ્ટિ તો ક્દી ફરે નહીં. અને જો તે મુખ્ય દૃષ્ટિ ફરીને મુખ્યતા પુણ્યભાવ, પર્યાયભાવ કે ગુણ-ગુણીનાં ભેદરૂપ ભાવમાં આવી જાય તો તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય. ભગવાન આત્મા એક સેકન્ડનાં અસંખ્ય ભાગમાં ચિદાનંદ ધ્રુવ-જ્ઞાયક છે તેનું મુખ્યપણું સમ્યગ્દૃષ્ટિને ત્રણકાળ ત્રણલોકમાં ક્યારેય ફરતું નથી. અને તેની મુખ્યતા સિવાય બીજાની મુખ્યતા દૃષ્ટિમાં જો આવી જાય તો દૃષ્ટિ સમ્યક્ ન રહેતાં મિથ્યા થઈ જાય છે. માટે અહીંયા જે કહેવામાં આવ્યું છે તેમાં તો શુભ-અશુભભાવનું જે વર્તન છે તે વર્તનમાં, શુભભાવની મુખ્યતા આચરણની અપેક્ષાએ કહેવામાં આવી છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ તેને-જ્ઞાનીને—આવે જ. પણ તે સંવર-નિર્જરાનું કારણ નથી. તેમ જ તે મિથ્યાત્વ પણ નથી. ઘણા કહે છે ને કે સોનગઢમાં વ્યવહારને મિથ્યાત્વ કહે છે. અરે! ભગવાન શું કહે છે તું આ? કોને આ આળ દે છે? ને તારે તારા આત્મામાં કરવું છે શું? તેમ ન હોય ભાઈ! મહા મુનિ-ગણધર જેવા-કે જેને ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વ અંતરમૂહૂર્તમાં પ્રગટ દશામાં પ્રગટ્યા છે તે પણ ભગવાનની સ્તુતિ, ભક્તિ કરે છે, અને ભગવાનની વાણી સાંભળે છે. અહીંયા આચાર્ય કહે છે કે ગૃહસ્થાશ્રમમાં રહેલાં શ્રાવકે હંમેશા ભગવાનનાં દર્શન કરવા, ગુરુદર્શન કરવા. કરવા એટલે શું? તેનો અર્થ એ છે કે ધર્મી જીવને એવા દેવ-ગુરુનાં દર્શનનો ભાવ દિન દિન પ્રત્યે આવ્યા વિના રહેતો નથી. પણ વ્યવહારનયનાં કથનમાં એમ આવે કે દર્શન કરવા. ખરેખર તો તેની કર્તૃત્વબુદ્ધિ પણ સમકિતીને હોતી નથી. પણ તેવા ભાવ આવે છે ને! તે-રૂપે પરિણમે છે ને! તેથી તેવો ભાવ કરવો તેમ કહેવામાં આવે છે. કથન એમ જ આવે ને? લોભી-કંજુસનો એક અધિકાર સ્વામીકાર્તિકમાં છે. તેઓ ૨૨૦૦ વર્ષ પહેલાં,—કુંદકુંદાચાર્યથી પણ પહેલાં—થઈ ગયા છે. તેમણે એક શ્લોક એવો મૂક્યો છે કેઃ—

અરે કંજુસ! આ તને લક્ષ્મી મળી તે ખાજે. દાન કે બીજું ન કરી શકે તો ખાજે. જેથી તને થશે કે ખાવામાં તો મેં સંકોચ નથી કર્યો!! મહા મુનિ છટ્ઠે ગુણસ્થાને બિરાજમાન છે ને તેમને કોઈનાં આરંભનું અનુમોદન સંમત હોતું નથી. છતાં પણ તેમાં કહેવાનો આશય બીજો છે. જેમ આવે છે ને કે "માખીએ મધ ભેગું કિધું પણ લૂંટનારે લૂંટી લીધું, ન કોઈને દાન દીધું કે ન ખાધું" તેમ ધનનાં ઢગલા ભેગા કર્યા. અર્થાત્ પૂર્વનાં પુણ્યને લઈને થયા અને જો ખાઈશ નહીં, તો તને મરતાં એમ થશે કે અરેરે! ખાધું ય નહીં ને પીધું ય નહીં! તેથી જો તું ખાઈશ-પીઈશ તો તને એટલું તો થશે કે મેં ખાધું તો ખરું! આમ શુભભાવની ઉણપ

દેખાડવા આ કથન કરેલ છે. આહાહા ! એક બાજુ આચાર્ય સમયસારમાં કહે છે કે પુણ્ય-પરિણામ તે કુશીલ છે અને જે સંસારમાં દાખલ કરે તેને ધર્મી મન-વચન-કાયાથી સંમત થાય નહીં, તેને સારો, ઠીક માને નહીં અને તેના તે જ મુનિ ટાણા આવે ત્યારે આમ કહે છે. વ્યવહારે તે જાતનો રાગ ઘટાડવા માટે તેવું કથન આવે. પણ નિશ્ચયમાં તેનું અનુમોદન ને સંમતપણું હોઈ શકે નહીં. અહીંયા કહે છે કે સવારમાં શ્રાવકને હંમેશા દેવ-ગુરુ-દર્શન ને શાસ્ત્રનું શ્રવણ પહેલું હોવું જોઈએ. અને પછી જગતનાં બીજા કામ વેપાર-ધંધાના કાર્ય કરવા જોઈએ.

અહોહો ! સમંતભદ્રાચાર્યે ૨૪ ભગવાનની સ્તુતિનું સ્વયંભૂ સ્તોત્ર બનાવ્યું છે અને સ્તુતિને બાને આગમ રચી લીધું છે. તેમાં નિશ્ચય ને વ્યવહાર, અભ્યંતર ને બાહ્ય તત્ત્વ કેમ છે તેની ઘણી અલૌકિક વાત છે. મહા મુનિઓ અને સંતો પણ ભગવાનની સ્તુતિ અને ભક્તિ કરતા હતાં. તો શ્રાવકની હદ તો ઘણી નીચી છે. માટે તેનું તો ખાસ પહેલું કર્તવ્ય ભગવાનનાં દર્શનાદિનું છે. હવે, બીજું કર્તવ્ય ગુરુસેવાની વાત કરે છે:—

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા કે જેના કેવળજ્ઞાનરૂપી આંખ-ચક્ષુ ઉઘડી ગયા છે, હાથની રેખા જેમ દેખાય તેમ જગતનાં પદાર્થ જોઈ લીધા છે અર્થાત્ જેટલી દ્રવ્યની પર્યાય છે તે બધીને ભગવાનને જોઈ છે. તેવા ભગવાન અરિહંતને પણ જે ઓળખે નહીં અને મહા નિર્ગ્રન્થ મુનિ કે જેની દૃષ્ટિ નિર્ગ્રંથ વીતરાગી થઈ છે ને જે છઠ્ઠા ને સાતમા ગુણસ્થાને ઝૂલણા ઝૂલે છે તેમને ઓળખે નહીં તે અજ્ઞાની છે. અહા ! મુનિને સાતમાં ગુણસ્થાનમાં આવતા જાણે કે મોક્ષ જ થઈ ગયો ! હું અનુભવ કરું છું તેવા ભેદની પણ ત્યારે તેમને ખબર નથી. આવા મહામુનિની સેવાથી-કૃપાથી-તેમના સંગથી-પરિચયથી-સમ્યક્‌જ્ઞાન રૂપી લોચન પ્રગટ થાય છે. જોકે થાય છે તો પોતાથી, પણ ત્યારે એવા નિર્ગ્રંથ મુનિની સેવા તેને હોય છે. અહા ! ષટ્‌કર્મ વ્યવહારથી બતાવવું છે માટે બીજી કઈ રીતે કહે ? મહામુનિએ જે કહ્યું તેના શ્રવણમાં લક્ષ કરીને સ્વભાવની એકતા થતાં વિકાર ટળી જાય છે ને નિર્વિકારપણું પ્રગટી જાય છે ત્યારે ગુરુની કૃપાથી તે પ્રાપ્ત થાય છે તેમ કહેવાય છે. સમયસારની પાંચમી ગાથામાં કુંદકુંદાચાર્ય કહે છે ને કે અહો ! અમારા શ્રીગુરુએ અમારા ઉપર અનુગ્રહ-કૃપા કરી અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. ભક્તિનો તેવો ભાવ તેને ગુરુ પ્રત્યે આવ્યા વિના રહેતો નથી. થયું છે તો પોતાના શુદ્ધ ઉપાદાનનાં આશ્રયે, છતાં પણ તે વખતે આવા ઉપદેશક હતા ને તેના પ્રતાપે થયું છે તેવું બહુમાન તેને આવ્યા વિના રહે નહીં. વળી કહે છે ને કે—

" જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન,
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખકાર. "

જિનપ્રવચન દુર્ગમ્ય છે. એ પ્રવચનની કથનની પદ્ધતિમાં વ્યવહાર-નિશ્ચય, સદ્‌ભૂત વ્યવહાર, અસદ્‌ભૂતવ્યવહાર, નિમિત્ત-ઉપાદાન એમ તેના પડખાનો પાર નથી. 'થાકે અતિ મતિમાન'—સત્‌ને સમજ્યા વિના એકલો વિકલ્પ ને તર્કનો કરનાર થાકી જાય, એનો કાંઈ પાર પામે નહીં. 'અવલંબન શ્રી સદ્‌ગુરુ'—સર્વજ્ઞ પરમાત્માનાં સંતો ધર્માત્મા તે પ્રવચનની દુર્ગમ્યતાને સુગમ કરી બતાવે છે. જ્ઞાની વિના તેનાં અંતરનાં પત્તા મળતા નથી.

અહીં કહે છે કે આથી, જ્ઞાનની અભિલાષાથી આત્માઓએ ભક્તિપૂર્વક ગુરુની સેવા કરવી, વેઠ પૂર્વક નહીં. કેમ કે આમ તો અનંતવાર સેવા કરી છે. માટે સત્યાર્થનાં ભાનમાં રહીને શ્રાવકોએ ગુરુની ભક્તિ-સેવા વંદના કરવી જોઈએ.

જગતની કરુણા માટે શ્રાવકનાં સંસ્કાર, આચાર, અનુષ્ટાન હંમેશા આવા હોય છે એમ તેનું વર્ણન કરે છે. મહા સંત ભાવલિંગી મુનિ કે જે પંચપરમેષ્ઠીમાં ભળ્યા છે અને ગણધરદેવ પણ જેને નમસ્કાર કરે છે. આહાહા! ચૌદ પૂર્વ ને બાર અંગની રચના કરવા પહેલાં પાંચ નવકાર સ્મરે છે. કોણ? ગણધરદેવ; તે પણ 'નમો લોએ સવ્વ સાહૂણં' કહીને કહે છે કે હે સંત તારા ચરણમાં મારા નમસ્કાર. તો, તેવા મહા ભાવલિંગી મુનિને જે નથી માનતા અને તેની જે સેવા-વંદના કરતા નથી તેવા મનુષ્યને માટે તો સૂર્યનો ઉદય થયો હોવા છતાં અંધકાર જ છે.

જેને અંદર મમતા જ ટળી ગઈ છે ને જે ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનાં આનંદમાં ઝૂલનારા છે ને જે અંતર સચ્ચિદાનંદ પ્રભુ આત્માના ભક્ત છે એવા ગુરુની ભક્તિ-ઉપાસના શ્રાવકે કરવી. જોકે સ્વદ્રવ્યની ઉપાસનાથી જ સંવર-નિર્જરા થાય છે, પણ જ્યારે સ્વદ્રવ્યની ઉપાસના પૂરી ન થઈ હોય ત્યારે આવા ગુરુની ઉપાસના આવ્યા વિના રહે નહીં. છતાં તેને ધર્મી પુણ્ય-બંધનું કારણ જાણે છે. વ્યવહારે અભૂતાર્થ દૃષ્ટિથી સંવર-નિર્જરાનું કારણ કહેવાય. આહાહા! 'આત્મસિદ્ધિ'માં આવે છે ને કે તે તો પ્રભુએ આપીયો. હે પ્રભુ! તમે આત્મા અમને આપ્યો-તેમ ભક્તિનાં ઊછાળામાં જ્ઞાની બોલે, પણ "આપ્યો" એટલે? કે જે આત્માનું નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપ હતું તેની અમને ખબર નહોતી તે આપથી અમને ખબર પડી. માટે આપે જ અમને આત્મા આપ્યો. તેમ જ્ઞાની કહ્યા વિના રહે નહીં.

"શું પ્રભુ ચરણકને ધરું, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુ એ આપીયો, વર્તું ચરણાધીન."

—આમ આત્માનું ભાન થયે શિષ્ય ગુરુને કહે છે. હે પ્રભુ! હું શું ચરણકને ધરું? ને કયા પ્રકારે પૂજા ભક્તિ કરું? તારા પ્રતાપથી અમે સંસાર તરી ગયા. તેમ

નેમીચંદ સિદ્ધાંત ચક્રવતી પણ ગોમ્મટસારમાં કહે છે કે, અહો ગુરુ! તારા ચરણ કમળની સેવા ઉપાસનાથી અમે સંસાર તરી ગયા. વાદીરાજ મુનિને કોઢ હતો. શ્રાવક જ્ઞાની રોજ ભક્તિ કરે. રાજાને કોકે ચાડી કરી કે સાહેબ! આ તેનાં કોઢીયા ગુરુને અડીને તેમનો ચેપ તમને લગાડે છે, તમારી પાસે બેસે છે. ત્યારે રાજાએ પૂછયું કે કેમ ભાઈ! તો શ્રાવક કહે ના સાહેબ, અમારા ગુરુ કોઢીયા હોય નહીં. અમારા ગુરુ કોઢીયા નથી. ત્યારે રાજા કહે સવારનાં દર્શન કરવા આવીશ, શ્રાવક કહે પધારજો. પછી તે શ્રાવક ગુરુ પાસે જાય છે ને કહે છે કે પ્રભુ! મેં આમ કહ્યું છે. પછી વાદીરાજ મુનિએ એવી સ્તુતિ ઉપાડી કે હે નાથ! જ્યારે માતાનાં પેટમાં આપ આવો ત્યારે તેની નગરી સોનાની થાય અને અમારા હૃદયમાં આપ આવો ને શરીર ફરી ન જાય તો તમે ભગવાન શાના? હે ત્રિલોકીનાથ! જ્યાં તમે માતાનાં પેટમાં આવવાનાં હો ત્યારે તે પેટને તો દેવીઓ ઇન્દ્રની આજ્ઞાથી સાફ કરે પણ તેની નગરી સોનાની બને. તો પ્રભુ! તમને અમારા હૃદયમાં પધરાવીએ ને આ શરીર કોઢવાળું રહે તેમ બને નહીં. અને કુદરતે મેળ ખાવો છે ને! એટલે શરીર સુંદર બની ગયું. પણ તે વિકલ્પની સ્તુતિથી તેમ થયું નથી પણ શરીરનાં પરમાણુનાં પલટવાના કાળના કારણે શરીર સોના જેવું થઈ ગયું. અને જરીક કોઢ રાખ્યો જેથી ચાડીયો ખોટો ન પડે. સવારે રાજા દર્શન કરવા આવ્યા. તો કહે અહો! શરીર તો બહું સુંદર છે. કોણે કોઢવાળું કહ્યું હતું? ના, ના, રાજન્! શરીર હતું તો એવું જ. જુઓ, આ આંગળીનો નમૂનો. એમ કહીને કોઢ બતાવ્યો. આવું જ શરીર હતું પણ આ પ્રમાણે બન્યું છે. માટે શ્રાવક જે મારી ભક્તિ કરનાર છે તે ખોટો ન પડયો અને ઓલો (ચાડિયો) પણ ખોટો ન પડયો. એવો મેળ શાતાના ઉદયથી થઈ ગયો, છતાં તેમાં કર્તૃત્વબુદ્ધિ નથી.

શ્રી માનતુંગ આચાર્યે સ્તુતિ કરી ને તાળા તૂટી ગયા! તો શું સ્તુતિનો વિકલ્પ તાળા તોડતો હશે! વિકલ્પ કર્તા ને તાળા તૂટવા તે કર્તવ્ય હશે? તેને કર્તા-કર્મનો સંબંધ હશે? ત્રણ કાળમાં તેમ હોતું નથી પણ તે પ્રકારે પુણ્યનો યોગ હતો ને તાળા તૂટવાનો તેનો સમય હતો. બાપુ! આમ એ વસ્તુની સ્થિતિ છે. પછી ભક્તિવાળા અનેક રીતે ભક્તિને મલાવે, પણ તેનો આ આશય છે.

સીતાજીની બ્રહ્મચર્ય માટે અગ્નિપરીક્ષા કરી. ત્યારે સીતાજી કહે છે કે હે અગ્નિ! જો મારું બ્રહ્મચર્ય સાચું હોય ને પર પુરુષને વિકલ્પમાં પણ ન લીધો હોય તો બાળીશ નહીં, નહિતર શાસનની નિંદા થશે. અને જો બીજા પુરુષને વિકલ્પમાં લીધો હોય તો બાળીને ખાખ કરજે. તેનો અર્થ એ છે કે પોતાનાં બ્રહ્મચર્યનાં પુરુષાર્થનું જોર છે. અને પુણ્યનો યોગ એવો છે. તેથી દેવ આવીને અગ્નિનું પાણી કરે છે, તો તે વખતે

જડની પરિણતિનો તેમ થવાનો કાળ હતો. પણ તે જગતને બેસે નહીં. એટલે એમ માને છે કે આ બ્રહ્મચર્યને લઈને થયું છે. અરે બાપુ! કેટલાય બ્રહ્મચર્યવાનને સૂળીએ ચડાવીને મારી નાખ્યા છે! તેનાં પુણ્યનો ઉદય ન હતો, તેથી એવો પ્રસંગ (સીતાજી જેવો) ન બન્યો. છતાં કર્તાબુદ્ધિ ધર્મીને હોતી નથી. તેથી કહે છે કે અરે પ્રભુ! બે નયની કથની જેમ છે તેમ નહીં જાણતો તારા અંદરનાં ડોળ નહીં નીકળે ને ભ્રમણા ટળ્યા વિના ત્રણ કાળમાં સુખ થશે નહીં.

હવે સ્વાધ્યાયની વાત કરે છે કે શાંત ચિત્તે, એકાંતમાં સ્વાધ્યાય કરવો-ગુરુગમ હોય તો શ્રવણમાં, સાધર્મી હોય તો સાથે, નહીંતર એકલો, સ્વાધ્યાયનો કાળ દિન પ્રત્યે શ્રાવક કાઢે. જેમ સંસારના ચોપડા આખો દિવસ ફેરવ્યા કરે છે તેમ સ્વાધ્યાયનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. છતાં જ્ઞાની સમજે છે કે તે રાગની મંદતા પુણ્યનું કાર્ય છે.

મિથ્યાદૃષ્ટિ કે અજ્ઞાનીએ કહેલાં શાસ્ત્ર નહીં પણ સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં ભાવોને તે પ્રમાણે સમજેલાં ગુરુએ જે શાસ્ત્ર રચ્યાં છે તે શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો. દરરોજ ગૃહસ્થે કલાક બે કલાક નિવૃત્તિ લઈને પ્રવચન, વાંચન, મનન, અનુપ્રેક્ષા વારંવાર કરવી જોઈએ. જે લોકો તેમ કરતા નથી તેને વિચારક જીવો-મુનિઓ છતી આંખે આંધળા કહે છે. બાપુ! ભાઈ! કરુણાથી તેમ કહે છે. અંદરનાં નેત્રો સતશાસ્ત્રનાં સ્વાધ્યાય-મનન વિના નહીં ખુલે ને તેને અંદર ઘણા પ્રકારનાં શલ્ય રહી જશે. માટે શ્રાવક થયા પછી પણ શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો. તેનાથી જ્ઞાનની ઘણી નિર્મળતા થાય છે. માટે શાસ્ત્ર સ્વાધ્યાય કરવો. વળી, એક બાજુ એમ કહે કે જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ આત્માનો નિર્વિકલ્પ અનુભવ, વેદન ને ભાન થયું તો તેને બાર અંગ ને ચૌદ પૂર્વ ભણવાની અટક નથી. કારણ કે બાર અંગનાં સારભૂત ચૈતન્યનું અંતર ભાન થયું છે, તેની ધારા વહે છે. તે પરમાર્થની વાત છે. તેને શાસ્ત્ર ભણો કે ન ભણો તેના ઉપર બહુ પ્રતિબંધ નથી. પણ અહીંયા તો વ્યવહારનયનાં કથનમાં શ્રાવકને પણ સતશાસ્ત્રનો અભ્યાસ હંમેશા હોવો જોઈએ, એમ કહે છે. સમ્યક્જ્ઞાનીને બધાં આગમનાં ભેદ હૃદયમાં વસે છે, કોઈનું અજાણપણું તેને છે નહીં. 'સબ આગમ ભેદ શું ઉર બસે,' છતાં પણ તે શ્રાવકને આવા શાસ્ત્રનાં સ્વાધ્યાયનાં વિકલ્પ આવે ને તે પ્રકારનો સ્વાધ્યાય પણ કરે છતાં પણ તે જાણે કે આ પુણ્યબંધનું કારણ છે. જ્યારે સ્વભાવમાં જેટલો રાગ રહિત એકાગ્ર થઈશ તેટલી સંવર ને નિર્જરા થશે. વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ શાસ્ત્રથી જાણવામાં આવે છે. પરંતુ જે મનુષ્ય શાસ્ત્રને સાંભળતા નથી-વાંચતા નથી તે વસ્તુનાં વાસ્તવિક સ્વરૂપને જાણતાં નથી. માટે સત્શાસ્ત્રનું વાંચન, મનન શ્રાવકે દિને-દિને કરવું જોઈએ.

# ❋ વૈરાગ્યજનની બાર ભાવના ❋

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

હવે આ સ્વામી કાર્તિકેય મુનિરાજે રચેલ દ્વાદશાનુપ્રેક્ષાનું વાંચન શરૂ થાય છે. શ્રી કાર્તિકેય સ્વામી જંગલમાં વિચરતા મહાન દિગંબર સંત હતા. તેમણે આમાં વૈરાગ્યની બાર ભાવનાનું અલૌકિક વર્ણન કર્યું છે. આ ગ્રંથ બે હજાર વર્ષ કરતાં પણ જૂનો છે. જેટલા તીર્થંકર ભગવંતો થાય તે બધાય તીર્થંકર ભગવંતોને વૈરાગ્ય થતાં દીક્ષા વખતે આ બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન કરે છે. એવો નિયમ છે. જેટલા તીર્થંકરો પૂર્વે થયા તેઓએ આવી ભાવનાઓ ભાવી હતી. વર્તમાનમાં સીમંધર પરમાત્મા વગેરે તીર્થંકરો બિરાજે છે, તેઓએ પણ દીક્ષા પ્રસંગ પહેલાં આ વૈરાગ્ય ભાવનાઓ ભાવી હતી ને ભવિષ્યમાં શ્રેણિક રાજા વગેરે તીર્થંકરો થશે તેઓ પણ આવી ભાવનાઓ ભાવીને દીક્ષા લેશે. આ બાર ભાવનાઓ ખરેખર સમ્યગ્દષ્ટિ જીવની છે. સમ્યગ્દર્શન પૂર્વકની બાર ભાવનાઓનું આમાં અદ્‌ભુત વર્ણન છે. વૈરાગ્યનો અલૌકિક ગ્રંથ છે. અહો! અમે તો કાયમી ચિદ્‌ઘન છીએ, બહારનું શરીર અમારું નથી. આમ ચિદાનંદ સ્વભાવના ભાનપૂર્વક અનિત્ય વગેરે બાર ભાવનાઓ હોય છે. શ્રીમદ્‌ રાજચંદ્રજીને આ શાસ્ત્ર ઘણું પ્રિય હતું.

જુઓ, બધાય તીર્થંકર ભગવંતો આ બાર ભાવનાઓ ભાવે છે. બાર અનુપ્રેક્ષા એટલે બાર ભાવનાનું વૈરાગ્ય-ચિંતવન, તેનું આમાં વર્ણન છે તેથી તેનું નામ "દ્વાદશઅનુપ્રેક્ષા" છે. પ્રથમ હિન્દી અર્થકાર મંગલાચરણ કરે છે:—

> પ્રથમ ઋષભ જિન ધર્મકર સન્મતિ ચરમજિનેશ,
> વિઘન હરણ મંગલ કરણ ભવતમ દૂરિત દિનેશ.

જૈનધર્મ તો અનાદિનો છે. તીર્થંકરો અનાદિથી થતા આવે છે. અનાદિથી સુખના અર્થી આત્માઓ હતા. તેનો માર્ગ કહેનાર તીર્થંકરો અનાદિથી થતા આવે છે. જગતમાં મોક્ષમાર્ગ અને મોક્ષ અનાદિનો છે. પણ આ વર્તમાન ચોવીસીમાં શ્રી ઋષભદેવ ભગવાન પહેલાં તીર્થંકર થયા અને છેલ્લા શ્રી સન્મતિનાથ એટલે કે મહાવીર પરમાત્મા થયા. જગતમાં પંચપરમેષ્ઠી અને જૈનધર્મ અનાદિથી છે પણ જે જીવ સમજે તેને પોતાના આત્મામાં ધર્મની નવી શરૂઆત થાય છે.

તીર્થંકર ભગવંતોએ કહેલાં ભાવને જે પોતાના આત્મામાં યાદ કરે છે તેને વિઘ્ન થતું નથી તેથી ભગવાન "વિઘ્ન હરનારા" છે અને મંગળ કરનારા છે. મંગળ

એટલે પવિત્રતાને પમાડે અને મમકારને ગાળી નાખે એવો આત્માનો પવિત્ર ભાવ તે મંગળ છે ને તેમાં નિમિત્ત તરીકે તીર્થંકર ભગવંતો પણ મંગળ છે. વળી ભયરૂપી જે અંધકાર તેનો નાશ કરવામાં તે સૂર્ય સમાન છે. પણ કોને માટે? કે જે પોતામાં સમજીને અજ્ઞાન ટાળે તેને માટે ભગવાન સૂર્ય સમાન છે. આ રીતે પહેલાં માંગલિક તરીકે તીર્થંકર દેવની સ્તુતિ કરી છે. હવે જિનવાણીની સ્તુતિ કરે છે.

વાણી જિનમુખથી ખરી પડી ગણધરાધિપ કાન,
અક્ષર પદમય વિસ્તરી કરહિ સકલ કલ્યાણ.

શ્રી જિનમુખથી જે વાણી છૂટી તે ગણધરદેવે ઝીલી અને શાસ્ત્રની રચના કરી. તે વાણીનો ભાવ સમજે તો સકલ કલ્યાણનું કારણ છે તેથી વાણીને કલ્યાણકારી કહી છે.

હવે શ્રીગુરુને વંદન કરે છે.

ગુરુ ગણધર ગુણધર સકલ પ્રચુર પરંપર ઔર,
વ્રત તપધર તન નગનધર વંદો વૃષ શિરમોર.

શ્રી ગણધરદેવથી માંડીને ધોખ પરંપરામાં જે વીતરાગી સંતો થયા તે બધા દિગંબર શરીરવાળા હતા ને વ્રત તપને ધારણ કરનારા હતા એવા સંતો ધર્મના મુગટમણિ છે. તેવા શ્રી ગુરુઓને વંદન કરું છું.

સ્વામી કાર્તિકેય મુનિ બારહ ભાવના ભાય,
કર્યો કથન વિસ્તારથી પ્રાકૃત છંદ બનાય;
સંસ્કૃત ટીકા તેહની કરી સુધર શુભચંદ્ર,
સુગમ દેશભાષામયી કરું નામ જયચંદ્ર;
ભણો ભણાવો ભવ્યજન યથાજ્ઞાન મનધાર,
કરો નિર્જરા કર્મની વાર વાર સુવિચાર.

આ શાસ્ત્ર સ્વામી કાર્તિકેયમુનિએ બનાવ્યું છે. ૪૮૭ મી ગાથામાં પોતે કહે છે કે—

**जिणवयणभावणट्ठं स्वामीकुमारेण परमसच्चाए ।**
**रईया अणुवेक्खाओ चंचलमणरूं भणट्ठं च ॥ ४८७ ॥**

પોતાને ચિત્તની સ્થિરતા માટે આ વીતરાગી ભાવના પોતે ભાવી છે. પોતે કુમાર બ્રહ્મચારી છે તેથી ૪૮૯ મી ગાથામાં પંચ બાલ બ્રહ્મચારી તીર્થંકરોને વંદન કરશે.

મૂળ રચના કાર્તિકેયમુનિએ કરી છે. તેની સંસ્કૃત ટીકા શુભચંદ્રાચાર્યે કરી છે ને હિન્દી ભાષાંતર જયચંદ્રજી પંડિતે કર્યું છે. યથાર્થ ભાનપૂર્વક તેમાં કહેલી બાર ભાવનાનો વિચાર કરવો તે નિર્જરાનું કારણ છે.

એ પ્રમાણે દેવ-શાસ્ત્ર-ગુરુને નમસ્કારરૂપ મંગલાચરણ પૂર્વક પ્રતિજ્ઞા કરીને સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા નામના ગ્રંથની દેશભાષામય વચનિકા કરીએ છીએ. ત્યાં સંસ્કૃત ટીકા અનુસાર મારી બુદ્ધિ પ્રમાણે ગાથાનો સંક્ષેપમાં અર્થ લખીશ તેમાં કોઈ ઠેકાણે ભૂલ હોય તો વિશેષ બુદ્ધિમાન સુધારી લેશો.

શ્રીમાન્ સ્વામી કાર્તિકેયાચાર્ય પોતાના જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ, નવીન શ્રોતા-જનોને જ્ઞાન-વૈરાગ્ય ઉપજવો તથા વિશુદ્ધતા થવાથી પાપ કર્મની નિર્જરા, પુણ્ય ઉપાર્જન, શિષ્ટાચારનું પાલન અને નિર્વિઘ્નપણે ગ્રંથની સમાપ્તિ ઇત્યાદિ અનેક ભલા ફળની ઇચ્છા-પૂર્વક પોતાના ઇષ્ટદેવને નમસ્કારરૂપ મંગલપૂર્વક પ્રતિજ્ઞા કરી પ્રથમ ગાથાસૂત્ર કહે છે.

પોતાને જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ થાય, યથાર્થ જ્ઞાન હોય ત્યારે વૈરાગ્ય હોય જ. પોતાના જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિ અર્થે તેમ જ નવીન જનોને વૈરાગ્ય જ ઉપજાવવા અર્થે આ શાસ્ત્ર રચ્યું છે. વળી આ શાસ્ત્રમાં કહેલી ભાવના વડે વિશુદ્ધતા થાય તે નિર્જરાનું કારણ છે, ને વચ્ચે શુભરાગ રહી જાય તે પુણ્યનું કારણ છે. વળી શાસ્ત્રમાં મંગલાચરણ કરવાનો શિષ્ટાચાર છે તેથી અહીં કરે છે.

૧૪૦૦૦ મુનિઓના મુગટ એવા શ્રી ગૌતમ ગણધરદેવ પણ માંગલિક તરીકે નમસ્કારમંત્ર બોલે ત્યારે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે કે :—

**णमो अरिहंताणं णमो सिद्धाणं णमो आयरियाणं ।**
**णमो उवज्आयणं णमो लोऐ सव्वसाहूणं ।।**

આવો શિષ્ટાચાર છે. તે શિષ્ટાચારના પાલન અર્થે આ શાસ્ત્રમાં માંગલિક કરે છે. તેમ જ નિર્વિઘ્નપણે શાસ્ત્રની સમાપ્તિ થાય તે અર્થે માંગલિક કર્યું છે.

**त्रिभुवनतिलकं देवं वंदित्वा त्रिभुवनेन्द्रंपरिपूज्यं ।**
**वक्ष्ये अनुप्रेक्षाः भविक जनानंदजननी ।। १ ।।**

અર્થ :— ત્રણ ભુવનના તિલક અને ત્રણભુવનના ઇન્દ્રોથી પૂજ્ય એવા દેવને હું નમસ્કાર કરી ભવ્યજીવોને આનંદ ઉપજાવવાવાળી અનુપ્રેક્ષા કહીશ. ૧.

શ્રી સર્વજ્ઞ પરમાત્મા ત્રણ ભુવનના તિલક છે ને ત્રણ ભુવનના ઇન્દ્રોથી પૂજ્ય છે. આવા સર્વજ્ઞ દેવને નમસ્કાર કરીને હું બાર વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન કરું છું. કેવી છે આ ભાવનાઓ ? ભવ્ય જીવોને આનંદની ઉપજાવનારી છે. અંતરમાં સમ્યગ્દર્શન પૂર્વક ચિદાનંદ સ્વભાવના અવલંબને આવી બાર ભાવનાઓ ભાવવી તે વીતરાગી આનંદની ઉપજાવનારી છે. વચ્ચે શુભરાગથી પુણ્ય બંધાય તેની મુખ્યતા નથી. બાર ભાવનાઓને આનંદની ઉપજાવનારી કહીને માંગલિક કર્યું છે.

—૦—

# આત્માના ભાન વિના જીવ ચાર ગતિમાં રખડી રહ્યો છે

[શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ ગ્રંથની આજે શરુઆત થાય છે. આ ગ્રંથનું નામ તત્ત્વજ્ઞાનતરંગિણી છે. નદીમાં પાણીના તરંગ ઉઠે છે, તેમ આત્મામાં જ્ઞાનનાં તરંગો ઉઠે છે. આત્મા આદિ ને અંત વિનાનો છે. તેની સમજણ એક સમય પણ કરી નથી. પુણ્ય-પાપના ભાવ અનંતવાર કર્યા અને તેના ફળમાં ભવ મળ્યાં છે. પણ પોતે સમૃદ્ધિવાન કોણ છે તેનું એક સમય માત્ર જ્ઞાન કર્યું નથી. તીવ્ર પાપ કરી આ જીવ ઘણીવાર નરકમાં ગયો ને પુણ્ય કરી દેવગતિમાં ગયો. દેહમાં રહેલો આત્મા દેહ રૂપે નથી, વાણી રૂપે નથી, પુણ્ય-પાપ રહિત આત્મા ચિદાનંદસ્વભાવી છે, તેની વાત મનુષ્ય ભવ મળવા છતાં સાંભળી નથી. પૂર્વે કાને પડી છે પણ અંતરમાં અડવા દીધી નથી. પૈસા કુટુંબ વગેરે નવી ચીજ નથી. સુંદર શરીર, સ્ત્રીની અનુકૂળતા આદિ અનંતવાર મળેલ છે. પણ તે શરણભૂત નથી. ક્ષણમાત્રમાં દેહ અને આત્મા છૂટા પડે છે. આત્મા અનાદિનો છે. જે ચીજ હોય તેની શરૂઆત ન થાય. દેહદેવળમાં રહેલો આત્મા અપરાધ કરે છે તેથી ભવ ધારણ કરે છે. પાપ રૂપી અપરાધ કરે તો નરકમાં જાય ને પુણ્ય રૂપી અપરાધ કરે તો દેવ ગતિમાં જાય, પણ પુણ્ય-પાપ રહિત મારી જાત શું છે તેની ખબર નથી. સુખ બહારમાં નથી પણ અજ્ઞાની કલ્પના કરે છે. પુણ્ય-પાપના ફળ તે સંસાર છે, તે વિનાના આત્માનું સ્વરૂપ શું છે તે વાત સમજાણી નથી.

## આત્મતત્ત્વ જ્ઞાન અને આનંદથી ભરેલું છે તે જ જગતમાં ઉત્તમ છે

આ આત્મા અનાદિનો છે તે નરકના ઢોરના રાજાના-રંકના તથા દેવના ભવ અનંતવાર કરી ચૂકયો છે. ગળપણ સાકરનું રૂપ છે, તીખાશ લીંડીપીપરનું રૂપ છે, તેમ જ્ઞાન અને આનંદ આત્માનું રૂપ છે. શુભભાવ કરે તો મોટું પદ મળે પણ તેથી આત્માને જરાય લાભ નથી. અહીં કહે છે કે હું આત્માના સ્વભાવનો અર્થી થયો છું તેથી શુદ્ધ ચિદ્રૂપની વાત કરીશ. આત્મામાં જ્ઞાન અને આનંદ ભર્યા છે. અજ્ઞાની જીવ બહારમાં આનંદ માને છે પણ બહારમાં કયાંય સુખ નથી. કલ્પના કરે છે પણ તેમાં સુખ નથી. ચૈતન્યતત્ત્વ જ્ઞાન અને આનંદ રૂપ છે તે જગતમાં ઉત્તમ છે.

આત્માના ભાન વિના ઇન્દ્રિય દમન, સંયમ વગેરે રણમાં પોક સમાન છે. જગતના પદાર્થોની તથા પુણ્યની મહિમા અજ્ઞાનીને આવે છે પણ પોતાના ચિદાનંદ-

પદનો મહિમા અજ્ઞાનીને આવ્યો નથી. ઇન્દ્રિય વિનાનું મારું પદ જ્ઞાન અને આનંદરૂપ છે તે જ આ જગતમાં ઉત્તમ છે. પુણ્ય-પાપમાં આનંદ નથી પણ પુણ્યભાવ બેડી સમાન છે, તેમાં તથા તેના ફળમાં આનંદ નથી.

## ગ્રંથકાર જ્ઞાન અને આનંદરૂપ આત્મતત્ત્વને નમસ્કાર કરે છે.

પ્રથમ ગ્રંથકાર નમસ્કાર કરે છે. પરમાત્મપદ મારામાં છે. તેને હું નમું છું. આત્મા શરીરથી અને પુણ્ય-પાપથી પાર છે એવી પ્રતીતિ ન કરે ત્યાં સુધી બહિર્દષ્ટિ ટળે નહિ. પુણ્ય-પાપ બંને બેડી છે. અજ્ઞાની તેમાં મજા માને છે. આપણી પાસે લાખો રૂપિયાની મૂડી છે, ઇશ્વરે આપણને રૂપિયા આપ્યા તો વાપરીએ એમ અજ્ઞાની માને છે. પણ પુણ્ય અને તેનાં ફળ ધૂળ ધાણી છે. અજ્ઞાનીને ધૂળનું તથા ધૂળના કારણરૂપ પુણ્યનું માહાત્મ્ય ખસતું નથી. ભગવાન કહે છે કે અમોએ આત્મા આનંદ-રૂપ જોયો છે. તમારો આત્મા પણ તેવો છે તેવી શ્રદ્ધા કરો. ગ્રંથકાર એવા આત્માને નમસ્કાર કરે છે.

"એક અનુકૂળતા ખસવાથી અજ્ઞાની રૂદન કરે છે,
પણ આત્મામાં આનંદ ભર્યો છે તેને જોતો નથી."

વડનાં પાંદડાં ઘણાં સૂકા હોવાથી એક બે પાંદડાં નીચે પડે તેથી વડ ઉપર બેઠેલો વાંદરો રોવે છે. તેવી રીતે સંયોગી પદાર્થોમાંથી એક અનુકૂળતા ખસવાથી અજ્ઞાની રોવે છે. આબરૂ જાય અથવા અનુકૂળતા જાય ત્યાં અજ્ઞાની રોવે છે, હાય હાય કરે છે. અહીં કહે છે કે ચણાને સેકવાથી મીઠાશ આવે છે તે કયાંથી આવે છે? અંદર મીઠાશ ભરી છે તેમાંથી આવે છે અજ્ઞાનીને લાગે છે કે મીઠાશ અગ્નિમાંથી અથવા રેતીમાંથી આવે છે. પણ ભાઈ મીઠાશ ચણામાં ભરી છે. ચણાની કચાશનો નાશથઈને શક્તિરૂપ મીઠાશ અવસ્થામાં ઉત્પન થાય છે. તે ચણો વાવે તો ઉગે નહિ. અજ્ઞાની પુણ્ય-પાપમાં મીઠાશ માને છે તેને આત્માનો સ્વાદ આવતો નથી. તેથી તે જન્મ-મરણ કરે છે પણ જો સાચી સમજણ કરી પૂર્ણદશા પ્રાપ્ત કરે તો જન્મ-મરણ રહે નહિ. અજ્ઞાની વિષય વાસનામાં ને લડવામાં મજા માને છે. અજ્ઞાનને લીધે તેને આત્માની મજા આવતી નથી. પુણ્યમાં સુખ માને છે ત્યાં સુધી આત્માનું સુખ મળતું નથી.

મનુષ્ય દેહ પાંચ-પચાસ વરસ રહેવાનો છે, તે ક્ષણભંગુર છે. ડૉકટર આવે કે ઇન્દ્ર આવે, તોપણ એક સેંકડનું આયુષ્ય વધી શકે નહિ-તેના સમય અને ક્ષેત્ર ફરે નહિ, જે નિમિત્તે મૃત્યું થવાનું હોય તે જ નિમિત્તે થાય છે. માટે શરીર વિનાના આત્માની ઓળખાણ કરવી જોઈએ.

પુણ્ય-પાપના પ્રેમમાં આત્માનો પ્રેમ આવતો નથી. અનંતવાર ત્યાગી થયો પણ ચિદાનંદ આત્મા કોણ છે તેની એક સેંકડ પણ પરીક્ષા કરી નથી.

" યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો. "

અનંતવાર ધ્યાન કર્યાં, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કર્યા પણ આત્માના ભાન વિના બધું વ્યર્થ છે. જેની શરૂઆતમાં શૂન્ય છે તેને સરવાળે શૂન્ય છે.

" અજ્ઞાનીને સંસારની ચીજોમાં રસ આવે છે,
પણ આત્મામાં રસ આવતો નથી. "

પચીસ હજારની કમાણીની વાત કરે ત્યાં અજ્ઞાની રાજી રાજી થાય છે. જેમાં જેને પ્રીતિ છે તેમાં તેને હરખ આવ્યા વિના રહે નહિ. આત્માની પ્રતીતિ કરે તો આનંદ આવે. અહો ! આત્મા વચનાતીત છે તેવા ભાન વિના યમ-નિયમ કર્યા, ઇંદ્રિય દમન કર્યું પણ આત્મા તેનાથી રહિત છે તેની ખબર ન પડી. ઘરમાં નવી ચીજ-ખાંડણી દસ્તો લાવે તો હરખ પામે. બે રૂપિયાનો તાવડો લાવે ત્યાં હરખ પામે છે. બે રૂપિયાના રાચરચીલામાં હરખ પામે પણ ચિદાનંદ રાચ જે આત્મા તેની રુચિ કરતો નથી. પુણ્ય-પાપમાં કલ્યાણ છે તે માન્યતા છોડી દે. તે માન્યતા આત્માનો સ્વાદ આવવા દેતી નથી. મનુષ્ય દેહ આદિ અને અંતવાળો છે, ને દેહમાં રહેલો આત્મા અનાદિ અનંત છે. બન્ને ભિન્ન છે. અનાદિ અનંત સ્વભાવની રુચિ આવતી નથી તેથી આદિ અંતવાળા શરીરો ધારણ કરે છે.

" જગતની કોઈ ચીજ ઉત્તમ નથી, આત્મા પોતે જ ઉત્તમ તત્ત્વ છે. "

આ જગતમાં તારો આત્મા ઉત્તમ પદાર્થ છે. જગતની ચીજોમાં અજ્ઞાની ઉત્તમતા માને છે. અગિયારનો પગાર હોય ને એક રૂપિયો પગાર વધે તો અજ્ઞાની સુખ માને છે. કમાણીમાં સુખ માને છે પણ પોતાની શોભા અંદરમાં છે તેની તેને ખબર નથી. તીર્થંકર દેવને ત્રણકાળ-ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે તે પણ આત્માને કાંઈ આપી દે તેમ નથી. પોતે જ ઉત્તમ તત્ત્વ છે. " હે ભગવાન ! ઉગારજો. " એમ કહે છે તો શું ભગવાને અત્યાર સુધી ડૂબાડયા ? ના, એમ નથી. સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે તું ઉત્તમ તત્ત્વ છો. ભૂલ કરે તોપણ પોતે કરે છે ને સુધારે તોપણ પોતે સુધારી શકે છે. ગોર પરણાવી દે પણ ઘર ચલાવી ન દે. તીર્થંકર ભગવાનને વાણી છૂટી, તેમાં તેમણે કહ્યું કે અમો તને તારી દઈએ તેમ નથી.

" પુણ્ય-પાપનો સત્કાર ન કરશો પણ
ચિદાનંદ આત્માનો સત્કાર કરવો તે નમસ્કાર છે. "

અહીં ગ્રંથકાર કહે છે કે હું પરમાત્માને નમસ્કાર કરું છું. તેમજ મારા આત્માને નમું છું. પુણ્ય-પાપનો સત્કાર ન કરવો પણ ચિદાનંદનો સત્કાર કરવો તે નમસ્કાર છે. એકવાર આત્માનું સ્વાગત કર. આત્મા આનંદસ્વરૂપ છે તેવી શ્રદ્ધા કર તો આનંદ પ્રગટ થશે.

'પરખ્યાં માણેક મોતિયાં, પરખ્યાં હેમ કપૂર,
પણ એક ન પરખ્યો આતમા ત્યાં રહ્યો દિગ્મૂઢ.'

અજ્ઞાનીને આત્માની વાત રુચતી નથી. અડદની દાળ વિના તથા બીડી વિના ન ચાલે એમ તે માને છે. દાળ સરખી ન થાય ત્યાં બૈરા ઉપર ગુસ્સે થાય છે. આટલા પૈસા ખરચવા છતા દાળમાં મીઠાશ નહિ! એમ કહી અજ્ઞાની ગુસ્સે થાય છે, પણ બાઈ પરમાં સુખ નથી, પુણ્ય–પાપમાં પણ સુખ નથી. શરીર માટી છે, ક્ષણભંગુર છે ને દુઃખનું નિમિત્ત છે ને આત્મા અવિનાશી સુખનું કારણ છે તેમ જ અતિ ઉત્તમ પદાર્થ છે. એનું સ્વાગત કરે તો ધર્મ થાય.

"શરીર ને વિકાર આત્માનું લક્ષણ નથી પણ જ્ઞાન તેનું લક્ષણ છે."

આત્માનું લક્ષણ ક્રોધ, માન, માયા આદિ કરવાનું હશે? પદવી રાખવાનું હશે? ના. જ્ઞાનલક્ષણ વડે લક્ષિત થાય તે આત્મા છે. બધા પદાર્થોથી એક પદાર્થને જુદો બતાવે તેને લક્ષણ કહે છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે તે વડે તે બધાને જાણે છે શરીર કાંઈ જાણતું નથી. જાણનાર તત્ત્વ આત્મા, છે. જ્ઞાન તે આત્મા, શરીર અને વિકાર તે આત્મા નથી.

"જેને ધર્મની પ્રાપ્તિ થઈ છે તે ધર્મનો ઉપદેશ આપી શકે."

ગ્રંથકાર કહે છે કે હું આત્માનો અર્થી છું તેથી તેની વાત કરીશ. અજ્ઞાનીને જ્ઞાનની આંખો ઉઘડી નથી તેથી તે આત્માને બતાવી શકશે નહિ. પણ જ્ઞાની બતાવી શકે છે. ગ્રંથકાર કહે છે કે ધર્મી જીવ ધર્મની વાત કહી શકે છે. પુણ્યથી ધર્મ થાય એમ માનનાર ધર્મની વાત કહી શકશે નહિ. આત્માનું સ્વરૂપ સમજી આનંદ પ્રગટ કરે તે ફરી અવતાર ધારણ કરે નહિ. મોટા ડુંગર ઉપર વીજળી પડે ને ફાટ પડે તે રેણ દીધે સંધાય નહિ. તેમ જ્ઞાન વડે વિકારથી આત્માને જુદો પાડ્યો તે ફરી વિકાર સાથે એકત્વબુદ્ધિ કરે નહિ. આત્મા જ્ઞાન લક્ષણવાળો છે. મને સમજણ થઈ છે, હું તેનો અર્થી છું, તેથી તેની પ્રાપ્તિ માટે ઉપદેશ આપુ છું. પુણ્ય–પાપ અપૂર્વ નથી. પુણ્ય–પાપ વિનાના આત્માની ઓળખાણ કરવી તે અપૂર્વ છે. દીકરો લાખ રૂપિયાની કમાણી કરે તો કહે કે અમારો દીકરો કર્મી જાગ્યો. પણ ભાઈ તે કર્મી છે પણ ધર્મી નથી. પુણ્ય–પાપ વિનાના આત્માની રુચિ કરે તો ધર્મી થાય.

"ઉત્તમ શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ અર્થે
આત્માના લક્ષણ આદિનું પ્રતિપાદન કરું છું."

અહીં ગ્રંથકાર કહે છે કે:—

प्रणम्य शुद्ध चिद्रूपं सानंदं जगदुत्तमम ।
तल्लक्षणादिकं वच्मितदर्थी तस्यलब्धये ॥१॥

**અર્થ:**—નિરાકુળતા અનુપમ આનંદસ્વરૂપ સમસ્ત જગતમાં ઉત્તમ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને નમસ્કાર કરીને તેની પ્રાપ્તિનો અર્થી હું (ગ્રંથકાર) તેનાં લક્ષણ આદિનું પ્રતિપાદન કરું છું. આત્માની પ્રાપ્તિ માટે આ વાત કરીશ, પૈસા માટે કે દેવપદની પ્રાપ્તિ માટે વાત કરતા નથી.

આ માંગલિક કર્યું. આ માણેકસ્તંભ નાખ્યાં. આત્માનો આનંદ કેમ પ્રાપ્ત થાય ને જન્મ-મરણ કેમ ટળે, તેની વાત અમારી દુકાને છે. પૈસા કેમ મળે તે વાત અમારે ત્યાં નથી. સ્વર્ગ તથા પૈસા કેમ પ્રાપ્ત થાય તે વાત બીજી દુકાને છે, અહીં નથી. ગ્રંથકાર કહે છે કે અહીં તો આત્માના અર્થીની વાત છે. પ્રથમ શ્રદ્ધા કરવી જોઈએ. સંસારમાં હોવા છતાં આત્માની રુચિ હોવી જોઈએ. વિકાર અને સંયોગથી ખસી મારો આત્મા આનંદરૂપ છે એમ એની પ્રીતિ કરે તો એની પ્રાપ્તિ થાય.

—o—

**સુરત શહેરમાં સ્વાધ્યાયમંદિરનું ઉદ્દઘાટન:**—પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રભાવના ઉદયે સુરત શહેરમાં શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ સુરતના ધર્મપ્રેમી મુમુક્ષુઓ આત્મહિતરૂપ ધાર્મિકપ્રવૃત્તિ સમૂહરૂપે કરી શકે તે માટે સુરત નિવાસી શ્રીમતી વીમળાબેન કાપડીઆએ પોતાનો હોલ મંડળને અર્પણ કરતાં, તા. ૯-૧-૮૩ ના રોજ શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ, પ્રમુખના સુહસ્તે શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન સ્વાધ્યાયમંદિરનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીના પવિત્ર કરકમળ દ્વારા પરમાગમ શ્રી સમયસારજી ઉપર મંગલ સ્વતિક કરાવીને ઉપરોક્ત સ્વાધ્યાય મંદિરમાં સ્થાપના કરવામાં આવી હતી. આ મંગલ પ્રસંગે સવારે જિનમંદિરમાં જિનેન્દ્રપૂજન, સવાર-સાંજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેઈપ-પ્રવચન, શ્રી ઇન્દ્રવદનભાઈ ઝવેરીનું શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ આદિ ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

**સૂચના:**—પ્રવચન રત્નાકરભાગ-૭ ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવામાં આવે છે અને તે માટેનું ભેટ કુપન ટપાલ દ્વારા માત્ર મુંબઈ મંડળના સરનામે જ મોકલવું. ટપાલ દ્વારા ભેટકુપન સોનગઢ મોકલવું નહિ. સોનગઢથી ભેટ પુસ્તક મેળવવા ઇચ્છતા ગ્રાહકો સોનગઢ માત્ર રૂબરૂ ભેટકુપન આપીને ભેટપુસ્તક મેળવી શકશે.

ટપાલ દ્વારા ભેટ કુપન નીચેના સરનામે જ મોકલો :—
શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ, ૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ
મુંબઈ-૪૦૦૦૦૨

—o—

## શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢના વિવિધ દાન ખાતાઓ માટે દાતાઓ તરફથી જાહેર કરવામાં આવેલી દાનરાશિ :—

[ પૂજ્ય ગુરુદેવશ્રીના સદુપદેશના પ્રભાવથી લોભકષાય ઘટાડીને ધર્મપ્રભાવના માટે દાન આપતાં દાતારોને પ્રોત્સાહિત કરવા તથા અન્ય સાધર્મીઓને પ્રેરણાહેતુએ પ્રગટ કરવામાં આવતી નામાવલિ ]

| | | |
|---|---|---|
| ૧૭,૦૦૦ | સ્વ. શ્રી ચીમનલાલ હિંમતલાલના પરિવાર તરફથી ( તથા તેમના સ્મરણાર્થે અન્ય ગામોના મંડળમાં રૂા. ૩૩૦૦૦—૦૦ કુલ રૂપિયા પચાસ હજાર ) | |
| ૬,૦૦૫ | શ્રી ત્રંબકભાઈ તથા ત્રીકમભાઈ હિંમતલાલ તરફથી સ્વ. શ્રી ચીમનલાલ હિંમતલાલના સ્મરણાર્થે | |
| ૪,૦૦૨ | સ્વ. શ્રી ચીમનલાલ હિંમતલાલના સ્મરણાર્થે તેમની પુત્રીઓ શ્રી અરુણાબેન તથા નૈનાબેન તરફથી | |
| ૨,૨૨૨ | શ્રી ચીમનલાલ હીંમતલાલના સ્મરણાર્થે તેઓના બહેનો ચંપાબેન, મધુબેન, કંચનબેન, શારદાબેન તરફથી | |
| ૬૦૩ | શ્રી પ્રવીણચંદ્ર હરીલાલ દોશી | બેંગલોર |
| ૨૦૧ | શ્રી હિંમતલાલ કરશનજી | બોરીવલી |
| ૨૦૧ | સ્વ. શ્રી નેમીચંદ કાનજીભાઈ | નાઈરોબી |
| ૧૦૧ | શ્રી સુરેશભાઈ રસીકલાલ | રાજકોટ |
| ૨૦૧ | શ્રી નરસીભાઈ દેવજીના સ્મરણાર્થે હ. લીલાવંતીબેન | નાઈરોબી |
| ૫૦૪ | શ્રી સુરત દિ. જૈન મુમુક્ષુમંડળ | સુરત |
| ૧૧૦૪ | અ. સૌ. પ્રેમીલાબેન મધુભાઈ ઝવેરી તથા રાજીવ મધુભાઈ ઝવેરી | મુંબઈ |
| ૨૦૧ | શ્રી રતિલાલ રાયચંદ શાહ | ઘાટકોપર |
| ૨૦૧ | શ્રી બાલુબેન રતિલાલ શાહ | મુંબઈ |
| ૧૦૨ | શ્રી ભોગીલાલ શીવલાલ | વીસનગર |
| ૨૦૧ | શ્રી નવીનભાઈ મણીયાર | સાંતાક્રૂઝ |
| ૨૦૧ | શ્રી સૂર્યકાંત મફતલાલ કામદાર | વઢવાણ |
| ૧૦૧ | સ્વ. શ્રી લહેરીબેન ભાઈલાલભાઈ ડેલીવાળા હ. બ્ર. ઈન્દુબેન | |
| ૧૦૧ | શ્રી પાનાચંદ ગોવીંદજી અજમેરા હ. લલિતાબેન | |
| ૧૦૧ | સ્વ. શ્રી મંજુલાબેન ધીરૂભાઈ હ. ધીરૂભાઈ ડેલીવાળા | મલાડ |
| ૬૦૩ | શ્રી વેલજી મેવજી શાહ | નાઈરોબી |
| ૩૦૩ | શ્રી કાન્તાબેન મનસુખલાલ અજમેરા | નાગપુર |
| ૧૦૨ | શ્રી કલ્પનાબેન તથા કિરણબેન | લીંબડી |
| ૧૦૧ | શ્રી શાન્તીલાલ નાગરદાસ ભાયાણી | |
| ૨૦૧ | શ્રી લક્ષ્મીચંદ કેશવજી શાહ | નાઈરોબી |
| ૨૦૧ | શ્રી છોટાલાલ ગોસર | લંડન |
| ૨૦૧ | શ્રી શ્રેયસભાઈ તથા સુજલબેન | લંડન |
| ૨૦૧ | શ્રી બાબુભાઈ માંગરોળવાળા | સોનગઢ |
| ૨૦૧ | શ્રી સંઘવી પરિવાર | અમદાવાદ |
| ૧૦૧ | શ્રી મંગળદાસ શીવલાલ સંઘવી | અમદાવાદ |
| ૧૦૧ | શ્રી મહેતા ઈન્ડસ્ટ્રીઝ | જામનગર |
| ૧૦૧ | શ્રી નવલચંદભાઈ ત્રિભોવનદાસ | જામનગર |
| ૫૫૩ | વસુબેન ચીમનલાલ મણીયાર | મુંબઈ |
| ૫૦૨ | દિ. જૈન મુમુક્ષુ મંડળ | જામનગર |
| ૧,૦૦૨ | શ્રી હર્ષદભાઈ નાનચંદ ખારા | મુંબઈ |
| ૧૦૧ | શ્રી ડાહ્યાભાઈ ધુરાજી | માંગરોળ |

૧૦૧ શ્રી સ્મીતાબેન દીપક દોશી મુંબઈ
૨૦૧ મંજુલાબેન ચીમનલાલ શાહ મુંબઈ
૫૦૨ શ્રી ચીમનલાલ વીકમચંદ સંઘવી મુંબઈ
૧૦૧ શ્રી ભુપતભાઈ કામાણી કલકત્તા
૧૦૧ શ્રી રસિકલાલ શેઠ પાર્લા
૧૦૧ શ્રી લીલાવતીબેન એમ. વડીયા
૫૦૩ શ્રી ખેમરાજ દુલીચંદ જૈન ખેરાગઢ
૧૫૧ શ્રી વૃજલાલ મગનલાલ શેઠ મલાડ
૨૦૧ શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી મલાડ
૨૦૧ શ્રી ધીરજલાલ કૃપાશંકર મહેતા મલાડ
૧૦૧ શ્રી બિપીન જયંતિલાલ શાહ ઘાટકોપર
૪૦૨ શ્રી ચંપાબેન શીવલાલ ગોસળીયા મુંબઈ
૨૦૧ શ્રી સમતાબેન નારણદાસ સુરેન્દ્રનગર
૨૦૨ શ્રી રેશમાબેન જી. મહેતા મુંબઈ
૫૦૨ „ રમણીકભાઈ વીરચંદ મોટાણી કલકત્તા
૪૫૨ „ હીતેશભાઈ પુરૂષોત્તમભાઈ કાનાતળાવ
૨૦૨ „ એ. કે. જૈન એન્જીનીયર ઉદેપુરવાળા
૬૫૫ „ દલીચંદભાઈ ત્રિભોવનદાસ ખારા
૧૦૧ „ મંજુલાબેન રસિકલાલ શાહ મુંબઈ
૧૫,૦૦૦ સ્વ. નવલચંદ જે. શાહના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની શ્રી મુક્તાબેન તરફથી સોનગઢ ખાતે તથા અન્ય મંડળોમાં ૧૫૦૦૦ જાહેર કરવામાં આવેલ છે. (કુલ ૩૦ હજાર)

૧૦૧ શ્રી બિન્દુ સંદીપ મહેતા ભાવન
૨૫૧ „ ચંપકલાલ વીકમચંદ સંઘવી મુ
૧૦૧ સ્વ. કપુરચંદ સુખલાલ કોઠારી નંદર
૧૦૧ શ્રી ચાંદમલ શરદકુમાર જૈન ઉજ્જ
૧૦૧ „ લીંબડી મુમુક્ષુ મંડળ લીં
૧૦૧ સ્વ. શીલાબેન રસિકલાલ ડગલી
૧૦૧ શ્રી ગુલાબબેન વસંતભાઈ ગાંધી
૧૦૧ „ દયારામ જૈન વડોદ
૧૦૧ „ અમૃતલાલ ત્રંબકલાલ સંઘવી લીંબ
૧૦૧ „ અનીલકુમાર બાબુલાલ ઘાટકોપ
૧૦૧ „ નવીનચંદ્ર હસમુખરાય અમેરિ
૧૦૧ „ રતિલાલ પ્રેમચંદ રાજકો
૧૦૨ „ કાન્તીલાલ હરિલાલ શાહ મુંબ
૧૦૧ „ મરવાબેન ધીરજલાલ શાહ રાજ
૨૦૧ „ હસમુખરાય છોટાલાલ મુ
૧૦૧ „ પંકજકુમાર જૈન રામ
૧૦૧ „ મણીલાલ સુખલાલ શાહ ભાવન
૧૦૧ „ શાન્તાબેન ગુલાબચંદ ટોળીયા સોનગ
૨૦૨ „ વસંતલાલ મગનલાલ શાહ ગોરેગ
૨૦૦ „ મનસુખલાલ જીવણલાલ અમદાવ
૨૦૦ „ જડાવબેન તથા કમળાબેન સોનગ
૨૦૧ „ અમૃતલાલ પ્રેમચંદ વીંછી
૮૪૩ કારતક વદ ૭ ના પૂ. બેનશ્રી ચંપાબેન ચરણે આવેલી રકમ

## પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાની ખુશાલીમાં જાહેર થયેલી દાનરાશિ :–

૫૬૦૮ „ સરોજબેન પ્રફુલ્લભાઈ નાઈરોબીવાળા તરફથી
૫૨૦૯ „ રસિકલાલ વીકમચંદ સંઘવી કલકત્તા-વાળા તરફથી
૫૦૧૫ „ વીરચંદ જેઠાલાલ માલદે તથા ચિ વસંતકુમાર અને અનિલકુમાર વીરચંદભાઈ તરફથી
૫૦૦૬ „ ચંદુલાલ મોહનલાલ મહેતા સુરેન્દ્રનગર વાળા તરફથી